અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ જુલાઈ ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ નોમ | અંક : ૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## દેશવાસીઓના સન્માન માટે વિજય દિવસ : શાહ

# કારગિલ વિજયના ૨૪ વર્ષ, નરેન્દ્ર મોદીએ સેનાના જવાનોને કર્યા યાદ

। નવી દિલ્હી, તા.૨૬ ।

આજે ૨૬મી જુલાઈએ સમગ્ર દેશ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૨૪ વર્ષ પહેલા ૧૯૯૯માં આજના દિવસે કારગીલે શિખરો પર ઘૂસી ગયેલા દુશ્મનને ભગાડીને વિજય જાહેર કર્યો હતો. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સેનાના નાયકોને યાદ કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, કારગિલ વિજય દિવસ ભારતના તે અદભૂત બહાદુરોની શૌર્ય ગાથાને સામે લાવે છે, જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા બની રહેશે. આ ખાસ દિવસે, હું મારા હૃદયના ઊંડાણથી તેમને નમન કરું છું અને વંદન કરું છું. ભારત લાઈવ! કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ કારગિલ વિજય



દિવસ નિમિત્તે લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક પહોંચ્યા હતા. તેમણે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે. તેમણે કહ્યું, આજે આપણે ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકીએ છીએ કારણ કે આપણા સૈનિકોએ ૦ ડિગ્રીથી ઓછા તાપમાનમાં ઓક્સિજનની અછત હોવા છતાં તેમની બંદૂકો ક્યારેય નીચે કરી નથી.

આજે કારગીલમાં ભારતનો ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે કારણ કે ૧૯૯૯માં ભારતના સૈનિકોએ પોતાની બહાદુરીનો પરિચય આપતાં દુશ્મનોની છાતી પર તિરંગો ફરકાવ્યો હતો. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે, કારગિલ વિજય દિવસ કરોડો દેશવાસીઓના સન્માનનો વિજય દિવસ છે. આ તે તમામ પરાક્રમી યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે પોતાની માતૃભૂમિના દરેક કણની આકાશથી ઉંચી ભાવના અને પર્વતની જેમ ચુસ્ત સંકલ્પ સાથે રક્ષણ કર્યું હતું.



એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે.

## ન્યૂઝ બ્રિફ

### ભારત-પાક. મેચ ૧૫ને બદલે ૧૪ ઓક્ટો. યોજાવાની શક્યતા

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ક્રિકેટ ટીમે આ વર્ષના અંતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પાકિસ્તાનનો સામનો કરવાનો છે. બંને ટીમો વચ્ચે ૧૫ ઓક્ટોબરના રોજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટક્કર થશે. આઈસીસીએ પહેલાથી જ શિડ્યૂલને અંતિમ રૂપ આપી દીધું છે અને ગયા મહિને તેને જાહેર પણ કરી દીધું છે, પરંતુ આ વર્ષે ટુર્નામેન્ટની સૌથી પ્રતિષ્ઠિત મેચોમાંની એકની તારીખમાં ફેરફાર થવાની સંભાવના છે.મળેલા અહેવાલો અનુસાર ભારત અને પાકિસ્તાન મેચની તારીખ બદલાઈ શકે છે.

## આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠક ૧૦મી ઓગસ્ટે યોજાશે

# RBI રેપો રેટમાં ફેરફાર ન કરે તેવા સંકેત, EMIમાં રાહત નહીં મળે

### જૂનમાં છુટક ફુગાવાના દરનો આંકડો ૫૦ બેસિસ પોઈન્ટથી વધુ ઉછળીને ૪.૮૧ ટકા પર પહોંચતા ઈએમઆઈમાં રાહતની આશા પર પાણી ફરી જશે

। નવી દિલ્હી, તા.૨૬ ।

આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠક આગામી ૧૦મી ઓગસ્ટ-૨૦૨૩ના રોજ યોજનારા છે. આ બેઠક પૂર્ણ થયા બાદ લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરવામાં આવશે. જોકે હાલ એવું મનાઈ આવી રહ્યું છે કે, આ બેઠકમાં આરબીઆઈ તેની પોલિસી રેટ્સ એટલે કે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરે. એટલે કે રેપો રેટ ૬.૫૦ ટકાના વર્તમાન સ્તરે હોલ્ડ થઈ શકે છે. એચએસબીસીએ તેના રિપોર્ટમાં પણ આવું જ કહ્યું છે. આરબીઆઈના આ નિર્ણયથી મોંઘી ઈએમઆઈમાં રાહતની આશા રાખનારાઓને




સૌથી મોટો ઝટકો લાગી શકે છે. મે મહિનામાં છૂટક ફુગાવાનો દર ઘટીને ૪.૨૫ ટકા પર આવી ગયો હતો, ત્યારે એવી આશાઓ બંધાઈ હતી કે, આગામી દિવસોમાં લોન સસ્તી થવાનો તબક્કો શરૂ થઈ શકે છે, જોકે જૂન મહિનામાં છુટક ફુગાવાના દરનો આંકડો ૫૦ બેસિસ પોઈન્ટથી વધુ ઉછળીને ૪.૮૧ ટકા પર પહોંચતા મોંઘી ઈએમઆઈમાં રાહતની આશાઓ પર પાણી ફેરવી ગયું હતું. જૂન મહિનામાં સામાન્ય વરસાદના કારણે ટામેટાની કિંમતોમાં ૪૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો અને ઘણા શહેરોમાં ટામેટાની કિંમત ૨૫૦ રૂપિયે પ્રતિ કિલોએ પહોંચી ગઈ હતી. સામાન્ય વરસાદ, પૂર અને ચોમાસામાં મોડું થવાના કારણે જુદા-જુદા રાજ્યોમાં ખરીફ પાકની વાવણી પર અસર પડી છે, જેના કારણે ચોખાની કિંમતોમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. સરકારે સાવચેતીના ભાગરૂપે બિન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

## કોરોના વાયરસને લઈને WHOએ ચિંતા વ્યક્ત કરી

# અબુ ધાબીમાં એમઈઆરએસ કોરોનાનો નવો કેસ નોંધાયો

। અબુ ધાબી, તા.૨૬ ।

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુ એચઓ)એ કોરોનાવાયરસને લઈને એકવાર ફરીથી ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત અરબ અમીરાતની રાજધાની અબુ ધાબીમાં એમઈઆરએસ કોરોનાવાયરસનો એક નવો કેસ નોંધાયો છે. ૨૦૧૨માં પહેલી વખત આ વાયરસની ઓળખ થયા બાદ અબુ ધાબીમાં આ પહેલો કિસ્સો છે. અબુ ધાબીમાં જે દર્દીને કોરોનાનો નવો વેરિઅન્ટ માર્સ-કોવની સારવાર કરવામાં આવી રહી છે. તે ૨૮ વર્ષની એક વ્યક્તિ છે જેને ઘણી બધી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હતી. તે વ્યક્તિમાં વાયરસના લક્ષણ દેખાતા તાત્કાલિક તેને દાખલ કરવામાં આવ્યો. માર્સ-કોવ (મિડલ ઈસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોનાવાયરસ) જેવુ જ છે. આ એક જૂનોટિક વાયરસ છે. આ એક વાયરલ શ્વાસ




સંબંધિત બીમારી છે જે માર્સકોરોના વાયરસના કારણે થાય છે. જે સાર્સવાયરસની જેમ જ છે. આ સામાન્યરીતે ઊંટ અને અન્ય જાનવરોમાં જોવા મળે છે. સંક્રમિત જાનવરો કે પશુ ઉત્પાદોના સંપર્કમાં આવવાથી આ માનવીથી અન્ય માનવીમાં ફેલાય છે. આ એક વ્યક્તિથી અન્ય વ્યક્તિના સંપર્કમાં આવવાથી પણ ફેલાય છે. ઘણા કિસ્સા એવા પણ સામે આવ્યા છે જેમાં આ બીમારીએ ઘાતક રૂપ બતાવ્યુ છે.

# આઈએસઆઈ ભારતની આર્મી સ્કૂલને ટાર્ગેટ બનાવે છે, તંત્ર એલર્ટ

### જમ્મુ કાશ્મીરથી લઈને દિલ્હી, યુપીની આર્મી સ્કૂલોના વિદ્યાર્થીઓને પાક.થી ફોન અને મેસેજ આવી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૨૬ ।

પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા હવે ભારતની આર્મી સ્કૂલોને ટાર્ગેટ બનાવવામાં આવી રહી હોવાની જાણકારી સામે આવ્યા બાદ ભારત સરકાર ચોંકી ઉઠી છે. જમ્મુ કાશ્મીરથી લઈને દિલ્હી, યુપીની આર્મી સ્કૂલોના વિદ્યાર્થીઓને પાકિસ્તાનથી ફોન અને મેસેજ આવી રહ્યા છે.ફોન



કરનારા વ્યક્તિો વિદ્યાર્થીઓને આઈએસઆઈ સાથે જોડાવા માટે કહી રહ્યા છે. તેમજ આર્મી સ્કૂલ, તેમાં ભણાવતા અધ્યાપકો અને વાલીઓ અંગે જાણકારી માગી રહ્યા છે. પાકિસ્તાની એજન્ટો વિદ્યાર્થીઓ સાથે શિક્ષક બનીને વાત કરી રહ્યા છે.એજન્ટો વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા પર ખાસ ગ્રુપ સાથે જોડાવા માટે સંવેદનશીલ જાણકારી શેર કરવા માટે કહી રહ્યા છે.

## એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનને લઈને મહત્વના સમાચાર

# એન્ડ્રોઇડ ૪.૪ કિટકેટ માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો ગૂગલનો નિર્ણય

### કિટકેટ એન્ડ્રોઇડ વર્ઝન વર્ષ ૨૦૧૩માં લોન્ચ કરાયું હતું

। નવી દિલ્હી, તા.૨૬ ।


જી હા, અત્યારે જીવવા માટે જરૂરી થઈ ગયેલા એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનને લઈને એક મહત્વના સમાચાર જાણવા મળી રહ્યા છે. જો તમે પણ એન્ડ્રોઈડ સ્માર્ટફોનનો ઉપયોગ કરો છો, તો પહેલાં એક વખત આ સમાચાર ચોક્કસ વાંચી લો, કારણ કે છે સર્ચ એન્જિન ગણાતા ગૂગલે કેટલાક સ્માર્ટફોન માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. ગૂગલના આ નિર્ણયનો સીધેસીધો અર્થ એવો થાય છે કે તમારો ફોન યોગ્ય હવે તમારો ફોન સારી રીતે કામ કરશે નહીં. તમે આ ફોનમાં કોઈપણ પ્રકારની એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશો નહીં. એટલું જ નહીં પણ તમારા ફોનમાં રહેલાં ડેટાની સુરક્ષા પણ શંકાના દાયરામાં આવી શકે છે. જોકે, હવે તમને સવાલ એ થઈ રહ્યો હશે કે આખરે કયા ફોન છે કે જેને ગૂગલ સપોર્ટ બંધ કરશે તો આ માટે કહેવાઈ રહ્યું છે કે ગૂગલે એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

# અમારી સરકારે યુએસમાં કેન્સરને લગભગ ખતમ કર્યું

### બાઈડને ૨૦૨૦ના પ્રચારમાં કેન્સરની સારવાર કરાવાનો દાવો કર્યો હતો અને પ્રચારનો મુખ્ય મુદ્દો બનાવ્યો હતો

। વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને એક આશ્ચર્યજનક દાવો કરતા કહ્યુ છે કે, અમારી સરકારે અમેરિકામાં કેન્સરને લગભગ ખતમ કરી નાંખ્યુ છે. વ્હાઈટ હાઉસમાં માનિસક સ્વાસ્થ્ય પરના એક કાર્યક્રમમાં વક્તવ્ય આપતા તેમણે કહ્યુ હતુ કે, એક બાબત મને હંમેશા પૂછવામાં આવે છે કે, અમેરિકનોએ થોડા સમય માટે પોતાના પરનો વિશ્વાસ કેમ ગુમાવી દીધો છે..તમે આ માટે જો કશું કરી શકો તો શું કરશો...જેના



જવાબમાં મેં કહ્યુ હતુ કે, હું કેન્સરનો ઈલાજ કરીશ...મને ફરી સવાલ કરવામાં આવ્યો હતો કે, કેન્સરની જ સારવાર કેમ...કારણકે કોઈ વિચારી શકતુ નથી કે આપણે કેન્સર સામે લડી શકીએ છે...પણ આપણે આ કરી બતાવ્યુ છે.

## કોંગ્રેસ-બીઆરએસે અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કર્યો

# મોદી સરકાર સામેની અવિશ્વાસની બે દરખાસ્તને સ્પિકરે મંજૂરી આપી

### તમામ પક્ષો સાથે વાત કર્યા બાદ લોકસભાના સ્પીકર જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે

। નવી દિલ્હી, તા.૨૬ ।

કોંગ્રેસે તેલંગાણાની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) સાથે મળીને લોકસભામાં પીએમનરેન્દ્ર મોદીની સરકાર વિરુદ્ધ બે અલગ-અલગ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અવિશ્વાસ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું છે કે તેઓ તમામ પક્ષો સાથે વાત કરશે, પછી જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે. મણિપુરમાં ૩ મેથી અત્યાર સુધી જાતિય હિંસામાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે. બે મહિલાઓનો નગ્ન પરેડનો વીડિયો સામે આવ્યો છે. ત્યારથી વિપક્ષ આ મુદ્દા પર હુમલો કરી રહ્યો છે. વિપક્ષની માંગ છે કે વડાપ્રધાન મણિપુર મુદ્દે ગૃહમાં જવાબ આપે. જેના કારણે વિપક્ષ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે.



ન્યૂઝ બ્રિફ

## આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની હવામાન વિભાગની આગાહી

| અમદાવાદ, તા.૨૬ |

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસો હજુ પણ ભારે વરસાદ પડી શકે છે. જેમાં રાજ્યમાં ૨ દિવસ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. ડાંગ, વલસાડ, નવસારી, દમણમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટાછવાયા ઝાપટા પડશે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની કોઈ સંભાવના નથી. તેમજ અત્યાર સુધી રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૦ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું જોર ધીમું પડ્યું છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ તાલુકામાં નોંધપાત્ર વરસાદ થયો છે.

## વડોદરામાં કાર ચાલકને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો

| વડોદરા, તા.૨૬ |

વડોદરાના પંડ્યા બ્રિજ નજીક એક કારનો અકસ્માત સર્જાતા ચાલકનુ મોત નિપજ્યુ હતુ. કાર ચાલકને ઉંઘ આવી જતા ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો હોવાનુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે. કારમાં સવાર અન્ય યુવકને ઈજાઓ પહોંચી હતી અને તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત યુવકે અકસ્માતને લઈ પોલીસને વિગતો જણાવી હતી. અકસ્માતમાં કાર યુવકનુ મોત નિપજ્યુ હતુ. મૃતક મધ્ય પ્રદેશના ઈંદોરનો હોવાની જાણકારી સામે આવી છે. ઈંદોરના ગૂંજન સ્વામીને ઝોકુ આવતા તે કારના સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી ચૂક્યો હતો અને કાર એક દિવાલ સાથે અથડાઈ હતી.

## પુત્રો અને પત્નીએ મળીને માર મારતા આધેડનું મોત

| અમદાવાદ, તા.૨૬ |

અમદાવાદ પોલીસને એક સંદેશો મળ્યો કે એક આધેડ પુરુષની દફનવિધીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. વિગતમાં પોલીસને એ પણ જણાવ્યુ કે, જેની દફનવિધિ કરવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે એ પુરુષનુ મોત કુદરતી નથી. આધેડનુ મોત માર મારતા નિચે પટકાઈ જવાને લઈ થયુ હોવાની જાણકારી મળી હતી. જેને લઈ પોલીસની ટીમ સંદેશા મુજબના સ્થળે પહોંચીને તપાસ શરુ કરી હતી, જ્યાં પોલીસે સ્થળ પર માહોલ જોતા જ પોલીસ પરિસ્થિતિ પામી ગઈ હતી. ઘટનાને પગલે વેજલપુર પોલીસ મથકે ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટના અંગે પોલીસ મથકે મૃતક યુસુફભાઈ ખોખરના ભાઈએ ફરિયાદ નોંધીને તપાસ શરુ કરી હતી.

### જૂનાગઢ બિલ્ડીંગ ધરાશાયી થતા

# પતિ અને પુત્રોનું મૃત્યુ થતા પત્નીએ પણ કર્યો આપઘાત

### ચાર લોકોમાં એક જ પરિવારના ૩ લોકોનો સમાવેશ થતો હતો, જેમાં પિતા સહિત ૨ બાળકોના મોત થયા હતા

| જૂનાગઢ, તા.૨૬ |

જૂનાગઢ શહેરમાં સોમવારે એક ગોઝારી ઘટના બની હતી. જેમાં એક જર્જરિત બિલ્ડિંગ ધરાશાયી થતાં ચાર સભ્યોનું કાટમાળમાં દબાવાથી મોત નિપજ્યું હતું. આ ૪ લોકોમાં એક જ પરિવારના ૩ લોકોનો સમાવેશ થતો હતો. જેમાં પિતા સહિત ૨ બાળકોના મોત થયા હતા. ગઈકાલે મોડી સાંજે મૃતકના મોતથી વ્યથિત પત્નીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કમનસીબે તેમનું પણ આજે વહેલી સવારે મોત નીપજ્યું છે.



આમ એક જ પરિવારના ૪ લોકોના મોતથી જૂનાગઢ સ્તબ્ધ થઈ ગયું છે. સોમવારે સાંજે ઈમારતના કાટમાળ નીચેથી દટાયેલી હાલતમાં પતિ સંજયભાઈ ડાભી અને પુત્ર દક્ષ અને તરૂણના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આમ પતિ અને પુત્રોના મૃત્યુનો આઘાત સહન ન કરી શકનાર મયુરીબેને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને હોસ્પિટલમાં સારવાર દરમિયાન વહેલી સવારે મોત નીપજ્યું હતું. આમ, એક જ પરિવારના તમામ સભ્યોના મૃત્યુથી જૂનાગઢમાં અરેરાટીનો માહોલ વ્યાપી ઊઠ્યો છે. મૃતકના પરિવારજનો દ્વારા આક્ષેપ કરતા જણાવ્યું કે ગઈકાલે બનેલી ઘટનામાં કમિશનર કે ટિપીઓ વિરુદ્ધ આ ગંભીર ઘટનામાં ૪ લોકોના જીવ ગયા છતાં ફરિયાદ નોંધાઈ નહોતી.

### ઈસ્કોન બ્રિજના અકસ્માત બાદ બાદ સફાળી જાગી પોલીસ

# અમદાવાદ શહેરમાં ૨૪ કલાકમાં ટ્રાફિક નિયમ ભંગના ૧૯૨ કેસ નોંધાયા હતાં

### પોલીસે ટ્રાંફિક મામલે આળસ ખંખેરી મોડીરાત સુધી અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું

| અમદાવાદ, તા.૨૬ |

૨૦ જુલાઈની એ ગોઝારી રાતે અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેને લઈને રાજ્ય આખું હચમચી ગયું હતું. કાળ બનીને આવેલી જેગુઆર કારે એકી સાથે ૧૦ થી વધુ લોકોને અડફેટે લેતા માર્ગ મરણચીસોથી ગુંજયો હતો. તથ્ય પટેલ નામના એ નબીરાના પાપે ૯ લોકોને ઘટનાસ્થળે જ કાળ આંબી જતા કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. તો અન્ય એકે સારવાર દરમિયાન આખરી શ્વાસ ખેંચ્યા હતા.



આ ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત બાદ હવે પોલીસ તંત્ર જાગ્યુ છે અને નીતિ નિયમ નિવે મૂકીને ડ્રાઈવ કરનારા સામે પોલીસ રીતસરની મેદાને ઉતરી છે. અમદાવાદ પોલીસે ટ્રાફિક અંગે ૨૪ કલાકમાં સ્પેશિયલ ડ્રાઈવ યોજી હતી. જેમાં તપાસ દરમિયાન નિયમ ભંગના ૧૯૨ કેસ નોંધાયા હતા. બીજી બાજુ તપાસમાં ડ્રિંક્ર એન્ડ ડ્રાઈવ, રેસ ડ્રાઈવ, અને ઓવર સ્પીડમા વાહન ચલાવતા શખ્સો પોલીસની ઝપટે ચડયા હતા. જેની સામે પોલીસે કાયદાનો દંડો ઉગામી નિયમોને અવગણના કરતા શખ્સોને પાઠ ભણાવ્યા હતા. પોલીસના ચેકિંગ દરમિયાન ઓવર સ્પીડ ૫૭, ડ્રંક એન્ડ ડ્રાઈવના ૧૬ અને ભયજનક ડ્રાઈવિંગના ૧૧૯ કેસ નોંધાયા હતા.



જમાલપુરમાં મુસ્લિમ સમાજના તાજિયાના ઝુલુસ પહેલા માતમ મનાવાયો હતો.

### ટામેટા અંગે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન

## ટામેટા એકમાત્ર ખાવાની ચીજ નથી : ઋષિકેશ પટેલ

| અમદાવાદ, તા.૨૬ |

દેશભરમાં સતત પડી રહેલા વરસાદે શાકભાજી અને ફ્રૂટના ભાવમાં આસમાની વધારો કરી દીધો છે. મોંઘવારીના ભયાનક ઓવરડોઝથી આમ જનતા રીતસર ત્રાહિમામ્ પોકારી ગઈ છે. ટામેટા અને શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થતા ગૃહિણીઓને રોજ શું બનાવું તેની ચિંતા વધી છે. ટામેટાના ભાવને લઈને પૂછવામાં આવેલા સવાલનો રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ચોંકાવનારો જવાબ આપ્યો છે. સરકારના પ્રવક્તા મંત્રીને પ્રેસ કોન્ફરન્સમાં ટામેટાના વધતા ભાવને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેઓએ જણાવ્યું કે આમ તો જોવા જઈએ તો ટામેટા એકમાત્ર ખાવાની ચીજ નથી. પરંતુ ટામેટા, બટાકા, શાકભાજી આ તમામે તમામ વસ્તુઓ જે જીવન જરૂરિયાત અને સવારના કોઈપણ ગૃહિણીને જરૂર પડે એવી તમામ બાબતો ડિમાન્ડ સપ્લાયના આધારે પણ નક્કી થતી હોય છે.

### ૨૭ વર્ષથી ચાલતી લડતનો થયો વિજય

# હિંદુ સંગઠનોના અલ્ટિમેટમ બાદ ભાવનગરમાં અશાંતધારો લાગુ

### ભાવનગર શહેર વિસ્તારમાં અનેક એવા ડિસ્ટર્બ એરિયા છે કે જ્યાં વિધર્મી લોકો દ્વારા અનેક સોસાયટી વિસ્તારમાં પ્રવેશ કરીને મકાનોની લે વેચ કરી છે

| ભાવનગર, તા.૨૬ |

ભાવનગરમાં અશાંતધારો લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ત્રણ દિવસ પહેલા અશાંતધારો લાગુ કરવા માટે ભાવનગરના ધારાસભ્ય અને સાંસદને હિન્દુ સંગઠનો દ્વારા દસ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. આમ ભાવનગરમાં ૨૭ વર્ષથી અશાંતધારો લાગુ કરવાની માંગ પર આજે મહોર લાગી ગઈ છે. તમને જણાવી દઈએ કે, ભાવનગરમાં અશાંતધારો લાગુ કરવા માટે હિન્દુ સંગઠનો દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી



પ્રયત્નો કરવામાં આવતા હતા. તે માટે અનેક વખત આવેદન પત્રો અને રેલીઓ કાઢી રજુઆત પણ કરવામાં આવી હતી.ભાવનગર શહેરના પૂર્વ વિસ્તારમાં હિન્દુ સંગઠનોની રજુઆત અને ધારાસભ્ય સેજલબેન પંડ્યાના પ્રયાસથી અશાંતધારો લાગુ થયો છે. શહેરના ભગાતળાવ, રાણીકા, બોરડીગેઈટ, પ્રભુદાસ તળાવ, ગીતા ચોક, ડોન ચોક, ડેરી રોડ, મુનિ ડેરી, તિલકનગર, જૂની માણેકવાડી, નવી માણેકવાડી, આનંદ નગર, ક્રેસન્ટ, મેઘાણી સર્કલ, આંબાવાડી, ઘોઘા સર્કલ, રૂપાણી સર્કલ, સરદાર નગર, ભરતનગર, શિશુવિહાર, કરચલિયા પરા, ખેડૂત વાસ, શિવાજી સર્કલ વિસ્તારોમાં અશાંતધારો લાગુ થયો છે.ભાવનગરમાં અશાંતધારો લાગું કરવા માટે હિન્દુ સંગઠનો દ્વારા ત્રણ દિવસ પહેલા ૧૦ દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું.

### કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો

# ગુજરાત યુનિવર્સિટીના સ્ટીકર વગરના વાહનોને કેમ્પસમાં પ્રવેશ નહીં મળે

### જે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાંથી આવતા હોય તે વિદ્યાર્થીઓ પણ સ્ટીકર બતાવીને જ કેમ્પસમાં આવી શકશે

| અમદાવાદ, તા.૨૬ |

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જાયા પછી ગુજરાત યુનિવર્સિટીમાં પણ નબીરાઓ બેફામ ડ્રાઈવિંગ કરી રહ્યા હતા. જેનો વીડિયો સામે આવ્યો હતો. આ સમગ્ર મામલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગંભીરતા દાખવીને કુલપ તિ નીરજા ગુપ્તા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જે પણ વિદ્યાર્થી, અધ્યાપક, સ્ટાફ કે કર્મચારીના વાહન પર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલુ સ્ટિકર હશે તેને જ ગુજરાત યુનિ.માં પ્રવેશ આપ વામાં આવશે.બહારથી આવતા



લોકોને વાહન સાથે યુનિવર્સિટીમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. ગુજરાત યુનિવર્સિટીમાં ૨૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાગુજરાત યુનિવર્સિટી ગુજરાતની સૌથી મોટી સરકારી યુનિવર્સિટી છે. જેમાં જુદા જુદા ૫૫ ભવન આવેલાં છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીમાં ૨૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ પ્રકારનો નિર્ણય પ્રથમવાર લેવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા આ નિણર્ય કરવામાં આવ્યો છે કે, યુનિવર્સિટીમાં સ્ટિકર દ્વારા જ પ્રવેશ આપવામાં આવશે.અમદાવાદમાં આવેલી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ કરવાના કુલ ૬ દરવાજા છે. જેમાંથી હવે ૪ દરવાજા બંધ કરવામાં આવશે. અને પ્રવેશ માટે માત્ર ૨ દરવાજા જ ખુલ્લા રાખવામાં આવશે.

### સુરતમાં છેલ્લા કેટલાક દિવસથી રોગચાળાએ માથું ઊંચક્યું

# સચિન જીઆઇડીસીમાં મલેરિયા બાદ ૨૬ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું

### મહિલાનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું શહેરમાં દિન પ્રતિ દિન ઝાડા ઉલટી, મલેરિયાના કારણે મોત થઈ રહ્યા છે

| સુરત, તા.૨૬ |

સુરત શહેરમાં વકરી રહેલા રોગચાળા વચ્ચે ૪૩ વર્ષીય મહિલાનું મલેરિયાથી મોત નીપજ્યું હતું. મહિલાની બે દિવસથી મલેરિયા સારવાર ચાલી રહી હતી. સારવાર દરમિયાન મોત નિપ જતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. બીજી છેલ્લા ૧૫ દિવસમાં મલેરીયા, ઝાડા, ઉલ્ટી જેવા કેસથી ૧૨ લોકોના મોત નીપજ્યા છે. તમને જણાવી દઈએ કે સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી રોગચાળાએ માથું ઊંચક્યું છે. જેમાં ઝાડા-ઉલટી, ડેન્ગ્યુ, મલેરીયાના કેસમાં સતત વધારો નોંધાયો છે. સુરતમાં રોગચાળાથી વધુ એકનું મોત નીપજ્યું છે. સચિન જીઆઈડીસીમાં મલેરિયા બાદ ૨૬ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું છે. નિર્મલા વાસુરે બે દિવસથી મલેરિયાથી પીડાતા હતા. મહિલાને ગતરોજ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. જ્યાં મહિલાનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું શહેરમાં દિન પ્રતિ દિન ઝાડા ઉલટી, મલેરિયાના કારણે મોત થઈ રહ્યાછે.અત્યાર સુધીમાં ઝાડ, ઉલટી, મલેરિયાથી ૧૨ લોકો મોત નિપજ્યા છે. મલેરિયાથી મોત નિપજનાર નિર્મલા વાસુરે મૂળ મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના વતની છે. સુરત શહેરના ઉન વિસ્તારમાં આવેલ હૈયાદ નગરમાં પરિવાર સાથે રહે છે. તેઓ પાંડેસરા ખાતે મિલમાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અચાનક મહિલાની તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં મહિલાને મલેરિયા હોવાનું બહાર આવ્યું હતું. બે દિવસના મલેરિયાની સારવાર બાદ મહિલાનું ટુંકી સારવાર બાદ મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા રોગચાળાને કાબુમાં મેળવવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મહાનગરપાલિકા આરોગ્યની અલગ અલગ ટીમો પાંડેસરા સહિત શહેરના અલગ અલગ વિસ્તારોમાં લોહીના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી છે. લોકોને ડેન્ગ્યુ મલેરિયાના વધતા કેસ વિશે જાગૃતતા લાવવામાં આવી હતી. સાથે જ મલેરિયાથી બચવા માટે પેમ્પલેટ, બેનરના માધ્યમોથી સમજ આપવામાં આવી રહી છે. તેમજ જો શરદી તાવ દેખાય કે જણાઈ આવે તો તાત્કાલિક નજીકના હેલ્ડ સેન્ટરમાં સંપર્ક કરવા જણાવવામાં આવી રહ્યું છે. તેમજ દસથી વધુ મેડિકલ વાહન દ્વારા લોકોની તપાસ કરવામાં આવી રહી છે. જો કોઈ ગંભીર જણાવી આવે તો તાત્કાલિક તેમને હોસ્પિટલમાં રીફર પણ કરવામાં આવી રહ્યા છે.

## દર વર્ષે એક હિદુ યુવક કરે છે તાજીયાનું આયોજન

| સુરત, તા.૨૬ |

ચેતન કહાર રામેશ્વરમ અને તિરુપતિની ૧૦ દિવસની તીર્થયાત્રા પરથી હાલમાં જ પરત ફર્યો છે અને હવે તે શહેરના રાંદેર વિસ્તારમાં સતત બીજા વર્ષે તાજીયા જુલુસનું આયોજન કરવા માટેની તૈયારી કરી રહ્યો છે. ૩૬ વર્ષીય ચેતને ખુલાસો કર્યો હતો કે, આ સમર્પણ એ કોઈ પણ ધાર્મિક દબાણ કરતાં વધારે ભાવનાત્મક જોડાણના કારણે છે. તેણે કહ્યું હતું કે, તે ક્યારેય પણ મહોરમ અથવા તાજીયાને ચૂક્યો નથી, કારણ કે તેને ૨૫ વર્ષ જૂની પરંપરાને આગળ વધારવાની જવાબદારી આપવામાં આવી છે. ચેતનને પોતાનો દીકરો માનતા અને પતંગના ઉત્પાદક રઈસ સૈયદે તેને તાજીયાની જવાબદારી સોંપી હતી. રિક્ષા થકી ગુજરાન ચલાવતો ચેતન મહિને ઓછી કમાણી થતી હોવા થતાં રાંદેરમાં તાજીયા સ્થાપિત કરવા માટે આશરે ૭ હજાર રૂપિયાનો ખર્ચ કરે છે. ચેતન રઈસ સૈયદના પતંગના કારનાખામાં પહેલા પતંગ બનાવવાનું કામ કરતો હતો. 'હું ત્યારે બાળક હતો અને સૈયદ મને દીકરાની જેમ પ્રેમ કરતાં હતા. હું તેમના પરિવારનો સભ્ય બની ગયો અને તેઓ પણ મારા માટે એક પરિવાર સમાન છે', તેમ ચેતને કહ્યુ હતું. આ સાથે તેણે ઉમેર્યું હતું કે, તે તેના મિત્રો સાથે તાજીયા બનાવે છે, જ્યારે તેનો પરિવાર પણ આ ઉત્સવમાં સામેલ થાય છે કારણ કે તેઓ બધા એક જ વિસ્તારમાં મૈત્રીપૂર્ણ રીતે રહે છે. રઈસ સૈયદે ૨૫ કરતાં વધુ વર્ષ સુધી તાજીયાનું આયોજન કર્યું હતું અને ચેતન કહારે હંમેશા તે બનાવવામાં તેમની મદદ કરી હતી. 'બે વર્ષ પહેલા તેમના નિધન પહેલા સૈયદે મને તાજીયાનું આયોજન કરવાની પરંપરાને યથાવત્ રાખવા માટે કહ્યું હતું.

### રોગગ્રસ્ત બાળકોને સ્કૂલામાંથી તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના

# અમદાવાદ શહેરમાં કન્જક્ટિવાઈટિસના કેસોમાં સતત વધારો, ૨૬૩ કેસ નોંધાયા

### અમદાવાદમાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે

| અમદાવાદ, તા.૨૬ |

તાજેતરના ભેજવાળા વાતાવરણના કારણે શહેરમાં ઠેર-ઠેર કન્જક્ટિવાઈટિસના કેસ જોવા મળી રહ્યા છે. અમદાવાદમાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં જ છેલ્લા ૨૪ કલાકમાં કન્જક્ટિવાઈટિસના ૨૬૩ કેસ નોંધાયા છે. ખાનગી શાળાઓમાં તો આ કેસના મામલે વિદ્યાર્થીને તરત જ ઘેર મોકલી દેવાય છે અને હવે મ્યુનિસિપલ શાળાઓમાં પણ આ રોગે ફેલાવો કર્યો હોઈ તંત્ર પણ સાવધ બન્યું છે.

અમદાવાદમાં સતત ભેજયુક્ત વાતાવરણના કારણે આંખના રોગ કન્જક્ટિવાઈટિસના કેસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સરકારી દવાખાના અને ખાનગી દવાખાનામાં લોકો આંખોની તકલીફની ફરિયાદો લઈને આવી રહ્યા છે. વિવિધ હોસ્પિટલની ઓપીડીમાં દર દસમાંથી સાતથી આઠ કેસ કન્જક્ટિવાઈટિસ એટલે કે 'અખિયાં મિલાકે'ના આવી રહ્યા છે.

આ દરમિયાન અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળે મ્યુનિ. શાળાઓમાં અખિયાં મિલાકેનો ચેપ ફેલાયો હોઈ આ ચેપનો ભોગ બનેલાં બાળકોને શાળામાં બે દિવસ રજા આપવાની માગણી કરી છે. આ ઉપરાંત કન્જક્ટિવાઈટિસનો ભોગ બનેલા શિક્ષકોને પણ ઓન ડ્યૂટી ગણી બે દિવસની રજા આપવા બાબતે માગણી કરાઈ છે. પ્રમુખ મનોજ પટેલે આ અંગે મ્યુનિ. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડો. એલ. ડી. દેસાઈને પત્ર લખ્યો છે.

આ દરમિયાન આ અંગે મ્યુનિ. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડો. એલ. ડી. દેસાઈને પૂછતાં તેઓ કહે છે, 'અખિયાં મિલાકે'નાં રોગગ્રસ્ત બાળકોને તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના શિક્ષકોને અપાઈ છે. આ રોગના ચેપથી બચવા શું કરવું અને શું ના કરવું વગેરે બાબતોને લગતો પરિપત્ર આજે પ્રસિદ્ધ કરાશે.

આંખમાંથી પાણી પડવું, આંખ લાલ થવી, આંખમાં ચીપડા વળવા, આંખમાં દુખાવો અને પાંપણ પર સોજો આવે તેમજ યોગ્ય સારવારના અભાવે આંખની કીકી પર ચાંદી કે સોજો આવી જતાં દૃષ્ટિને નુકસાન થાય છે. વરસાદમાં કપડાંમાં બેક્ટેરિયા મરી જાય તેવા લિક્વિડનો ઉપયોગ કરવો, ઘરમાં સૂકવેલાં કપડાં સંપૂર્ણ સુકાય તેની કાળજી રાખવી, દર્દીનાં કપડાં અલગ ધોવાં અને અલગ જગ્યાએ મૂકવાં, નિયમિત દવા નાખવી, આંખને વધુ અડકવું નહિ, નિયમિત દવાથી ત્રણ દિવસમાં રોગ કંટ્રોલમાં આવે અને અઠવાડિયામાં મટી શકે છે.

## ૪૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી

# ક્રિકેટર યુવરાજસિંહની માતાને બ્લેકમેઇલ કરાઈ

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ટીમના ભૂતપૂર્વ સ્ટાર ક્રિકેટર યુવરાજ સિંહ વિશે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. યુવરાજની માતા શબનમ સિંહને ધમકી મળી છે. આ કેસમાં આરોપી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. તેણે યુવરાજની માતાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને ૪૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી. પોલીસે કાર્યવાહી કરીને આરોપી મહિલાને ૫ લાખ રૂપિયા લેતા રંગેહાથ ઝડપી લીધી હતી.

આ મામલે DLF Vul-1 પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. આરોપી મહિલાની ઓળખ હેમા કૌશિક ઉર્ફે ડિમ્પી તરીકે થઈ છે. નોંધનીય છે કે યુવરાજનો નાનો ભાઈ જોરાવર સિંહ છે. આ આરોપી મહિલા હેમાને તેની કેરટેકર તરીકે રાખવામાં આવી હતી. પરંતુ ૨૦ દિવસમાં જ તેને નોકરીમાંથી કાઢી



મૂકવામાં આવી હતી. આરોપી મહિલાએ તેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. પોલીસને આપેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે શબનમ સિંહે તેમના પુત્ર ઝોરાવરની દેખરેખ માટે એક મહિલા મેનેજર/કેરટેકરને રાખી હતી. પરંતુ તેના ખરાબ વર્તન અને કામના કારણે તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી હતી. કામ પરથી કાઢી મુક્યા બાદ આરોપી હેમાએ તેના પરિવાર અને પુત્ર જોરાવરને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. તેમજ ઈમેજ બગાડવાની પણ ધમકી આપી ૪૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. યુવરાજનો ભાઈ ડિપ્રેશનથી પીડાઈ રહ્યો છે.

આરોપી મહિલાની મંગળવારે (૨૫ જુલાઈ) ધરપકડ કરવામાં આવી હતી. યુવરાજનું ઘર DLF Vul-1માં છે. તેની માતા શબનમ સિંહે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં હેમાને યુવરાજના ભાઈ જોરાવરની કેરટેકર તરીકે રાખવામાં આવી હતી. જોરાવર છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશન સામે ઝઝૂમી રહ્યો છે. શબનમે જણાવ્યું કે હેમાને ૨૦ દિવસ પછી જ કામ પરથી હટાવી દેવામાં આવી હતી. હેમા પ્રોફેશનલ ન હોવાના કારણે કાઢી મૂકવામાં આવી હતી. તેણે જોરાવર સિંહને પોતાની જાળમાં ફસાવી રહી હતી. શબનમ સિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે મે ૨૦૨૩માં હેમા ઉર્ફે ડિમ્પીએ તેને વોટ્સએપ મેસેજ પર કોલ કરવાનું શરૂ કર્યું હતું. જેમાં તેણીએ ધમકી આપી હતી કે તે તેઓના પરિવારને ખોટા કેસમાં ફસાવીને બદનામ કરશે. તેના બદલામાં હેમાએ ૪૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. પરિવારને બદનામ કરવાની ધમકી ૧૯ જૂલાઈના રોજ હેમા કૌશિકે વોટ્સએપ મેસેજ મોકલી આપી હતી. શબનમે હેમાને કહ્યું કે આ રકમ મોટી છે અને તેને એકત્રિત કરવા માટે સમય માંગ્યો હતો. ૨૪ જૂલાઈ સુધી ૫ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું, પરંતુ મંગળવારે જ્યારે આરોપી યુવતી હેમા ૫ લાખ રૂપિયા લેવા પહોંચી ત્યારે પોલીસે તેની ધરપકડ કરી હતી. DLF ફેઝ-૧ પોલીસ સ્ટેશનમાં ગેરકાયદે વસૂલાતની કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે. બાદમાં યુવતીને જામીન પર મુક્ત કરવામાં આવી હતી




વારાણસીના ગંગાઘાટ ખાતે કારગિલ વિજય દિવસ પ્રસંગે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ભારતીય સૈન્યના કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## બારસોઈ પ્રખંડ કાર્યાલયમાં લોકોનો પાવર કટનો વિરોધ

# કટિહારમાં પ્રદર્શનકારીઓ પર પોલીસ ગોળીબારમાં એકનું મોત

। કટિહાર, તા.૨૬ ।

બિહારના કટિહારમાં ગોળી વાગવાથી એક વ્યક્તિનું મોત થઈ ગયુ છે. જ્યારે બેની હાલત નાજુક છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બારસોઈ પ્રખંડ કાર્યાલયમાં મોટી સંખ્યામાં લોકો પાવર કટનો વિરોધ કરી રહ્યા હતા. આ પ્રદર્શનમાં ગ્રામજનો અને જનપ્રતિનિધિઓ પણ જોડાયા હતા. અહીં વિરોધ કરી રહેલા લોકો અચાનક ઉગ્ર બની ગયા હતા. આ પછી પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ અને એરિયલ ફાયરિંગ કરી હતી.

ફાયરિંગ દરમિયાન ૩ લોકોને પોલીસની ગોળી વાગી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે બે લોકોના મોત થયા છે. જ્યારે બારસોઈ સબડિવિઝન પોલીસ અધિકારીએ એક વ્યક્તિના મોતની વાત કરી છે. આ ઘટના બાદ સમગ્ર



વિસ્તારમાં તણાવની સ્થિતિ છે. જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી રહ્યા છે.

ગોળી વાગવાથી મૃત્યુ પામેલા વ્યક્તિની ઓળખ ૩૫ વર્ષીય મોહમ્મદ ખુર્શીદ તરીકે થઈ છે. ખુર્શીદ જે છછના ગામનો રહેવાસી હતો. બીજી તરફ ગંભીર રીતે ઘાયલ નિયાઝને સારવાર અર્થે સિલીગુર ખસેડવામાં આવ્યો છે. કટિહારની આ ઘટનામાં જનતાએ પોલીસ પર પથ્થરમારો કરવાનો પણ આરોપ લગાવ્યો છે.

## સ્પેશિયલ ટ્રેન સાથેની ઘટના

# બરૌની અને નવી દિલ્હી સ્પેશિયલ ટ્રેન ત્રણ કિમી ખોટી દિશામાં દોડી

। પટણા, તા.૨૬ ।

રેલવેમાં રોજ બનતા અવનવા અકસ્માત પૈકી તાજેતરમાં બિહારના બરૌનીથી નવી દિલ્હી રવાના થયેલી સ્પેશિયલ ટ્રેન ત્રણેક કિલોમીટર સુધી ખોટી દિશામાં જવાને કારણે રેલવે(ઈસીઆર) તંત્રમાં દોડાદોડી થઈ ગઈ હતી. લોકો પાઈલટને ભૂલ સમજાતાં મોટી હોનારત ટળી ગઈ નહિ તો ઓડિશા જેવા અકસ્માતનું પુનરાવર્તન થયું હોત, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ અંગે અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે મુઝફ્ફરપુર સ્ટેશનથી નર્કટિયાગંજ ડાઈવર્ટ કરેલી ટ્રેનને હાજીપુર રેલ લાઈનમાં સિગ્નલ આપ્યું હતું. જોકે આ બાબતની જાણ લૉકો પાઈલટ અને ગાર્ડને થયા પછી ઈમરજન્સી બ્રેક મારીને ટ્રેનને મુઝફ્ફરપુર પાછી લાવ્યા હતા. સોમવારે આ બનાવ પૂર્વ મધ્ય રેલવે(ઈસીઆર) ઝોનમાં બન્યો હતો. બરૌની જંક્શન (ટ્રેન નંબર-૦૨૫૬૩) વિશેષ ટ્રેન (લગભગ ૧૧૮૨ કિલોમીટરનું અંતર કાપવા માટે)થી નવી દિલ્હી જઈ રહી હતી. બરૌની જંક્શન પર ૭:૪૦ વાગ્યે સિગ્નલ આપ્યું હતું અને ટ્રેન તેના નિર્ધારિત સમયે ૯:૩૦ વાગ્યે મુઝફ્ફરપુર સ્ટેશન પર પહોંચી હતી, ત્યાર બાદ ડાયવર્ટ રૂટ મોતિહારી થઈને જવાનો હતો, પરંતુ ઓપરેશન વિભાગે આ ટ્રેનને હાજીપુર રૂટ માટે સિગ્નલ આપ્યું હતું. આ પછી ટ્રેન આ ખોટા રૂટ પર જવા લાગી ત્યારે હકીકતની જાણ થતાં ઓપરેશન, સિગ્નલ અને ટેલિકોમ સહિત અન્ય વિભાગના અધિકારીઓ હરકતમાં આવી ગયા હતા. આ બનાવમાં કોઈને જાનહાનિ થઈ નહોતી પણ ટ્રેન સેવા પર અસર થઈ હતી. ટ્રેનના લૉકો પાઈલટને જાણ થઈ ન હોત તો મોટો અકસ્માત સર્જાયો હોત.

## ભારતીય શેર બજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો

# સેન્સેક્સમાં ૩૫૧, નિફ્ટીમાં ૯૩ પોઈન્ટનો ઉછાળો જોવાયો

### શેર બજારમાં આજે બંને ઇન્ડેક્સ અપ રહેતા મીડકેપ શેરોમાં પણ ફાયદાના સોદા જોવા મળ્યા હતા

। મુંબઈ, તા.૨૬ ।

ભારતીય શેર બજારમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે માર્કેટમાં બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટ બન્ને ઈન્ડેક્સ અપ રહ્યાં હતા. બીએસઈ સેન્સેક્સ આજે ૦.૫૩ ટકાના ઉછાળા સાથે ૩૫૧.૪૯ પૉઈન્ટ ઉપર ચઢીને ૬૬,૭૦૭.૨૦ એ બંધ રહ્યો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ ૦.૪૭ટકાના ઉછાળા સાથે ૯૩.૩૦ પૉઈન્ટ ઉછળીને ૧૯,૭૭૩.૯૦એ બંધ રહ્યો હતો. શેર બજારમાં આજે બન્ને ઈન્ડેક્સ અપ રહેતા મીડકેપ શેરોમાં પણ ફાયદાના સોદા જોવા મળ્યા હતા.

આજે જુલાઈ સીરીઝમાં એક્સપાયરીથી પહેલા માર્કેટમાં જોશ જોવા મળ્યો હતો, મિડકેપ, સ્મોલકેપ શેરોમાં ખરીદદારી રહી, જ્યારે પીએસયુ બેંક, રિયલ્ટી, ઈન્ફ્રા શેરોમાં તેજી જોવા મળી હતી, આ ઉપરાંત એફએમસીજી, ફાર્મા, એનર્જી શેરોમાં ખરીદદારી જોવા મળી હતી. બેંકિંગ, મેટલ ઈન્ડેક્સ વધારા સાથે બંધ રહ્યા હતા. ઓટો શેરોમાં દબાણ જોવા મળ્યુ. કારોબારના અંતમાં



સેન્સેક્સ ૩૫૧.૪૯ પૉઈન્ટ એટલે કે ૦.૫૩ ટકાના વધારા સાથે ૬૬,૭૦૭.૨૦ના લેવલ પર બંધ રહ્યો હતો. ભારતીય શેરબજારના રોકાણકારો માટે બુધવારનું ટ્રેડિંગ સત્ર ખૂબ જ અદભૂત રહ્યું. બેંકિંગ અને એમએમસીજી શેરોમાં ખરીદીના કારણે બજાર તેજ હતું. આ તેજીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરનો પણ ફાળો રહ્યો છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૩૫૧ પોઈન્ટના ઉછાળા સાથે ૬૬,૭૦૭ પૉઈન્ટ પર બંધ થયો છે. જ્યારે નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી ૯૮ પૉઈન્ટના વધારા સાથે ૧૯,૭૭૮ પૉઈન્ટ પર બંધ થયો હતો.

આજના ટ્રેડિંગ સેશન પર નજર કરીએ તો ઓટો અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ ઉપરાંત તમામ સેક્ટરના શેરોમાં તેજી જોવા મળી હતી. બેંકિંગ, આઈટી, ફાર્મા, મેટલ્સ, એનર્જી, મીડિયા, એફએમસીજી, હેલ્થકેર સેક્ટરના શેરો ઝડપી ગતિએ બંધ થયા છે.

# મણિપુરમાં હિંસાનો અમેરિકાના અનેક પ્રાંતમાં વિરોધ, લોકો રસ્તા પર ઊતર્યા

। કેલિફોર્નિયા, તા.૨૬ ।

ભારતીય અમેરિકીઓ અને તેમના સહયોગીઓએ મણિપુરમાં ચાલી રહેલી જાતિય હિંસાને વખોડતાં વીકેન્ડ પર અમેરિકી પ્રાંત કેલિફોર્નિયા, ન્યૂજર્સી અને મેસાચ્યુસેટ્સમાં દેખાવો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે મણિપુરમાં અત્યાર સુધીમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારોની સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા છે. તાજેતરમાં મહિલાઓની નગ્ન પરેડના વીડિયો અને સામૂહિક દુષ્કર્મની ઘટનાએ ભારત સહિત વિશ્વભરમાં રોષ પેદા કર્યો હતો. તેના વિરોધમાં જ આ દેખાવો કરવામાં આવ્યા હતા. કેલિફોર્નિયામાં ભારતીય અમેરિકી તથા સહયોગી નોર્થ અમેરિકન મણિપુર ટ્રાઈબલ એસોસિએશન (એનએએમટીએ), ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ (આઈએએમસી) અને આંબેડકર કિંગ સ્ટડી સર્કલ સહિત અનેક સમૂહો દ્વારા આયોજિત દેખાવો માટે ઓકલેન્ડ સિટી હોલ ખાતે એકઠાં થયા હતા. એનએએમટીએના સંસ્થાપક સભ્ય નિયાંગ હાંગ્જોએ કહ્યું કે એ લોકોએ અમારા લોકોને ઘરોથી બહાર કાઢી મૂક્યા. તેમણે અમારા ઘર, અમારી સંપત્તિઓને બાળી નાખી. તેમણે લૂંટફાટ કરી, હત્યા કરી અને દુષ્કર્મ પણ કર્યા. તેમણે અમારા લોકોને જીવતા બાળી નાખ્યા, માથા વાઢી નાખ્યા. તેમણે અમને બરબાદ કરી દીધા. બધુ ખાકમાં મિલાવી દીધું. તેમણે કહ્યું કે આ કૂકી-જોમી સમુદાયના લોકોનો નરસંહાર છે. દુનિયા ક્યાં સુધી ચૂપ રહેશે? આ દરમિયાન ન્યૂજર્સીમાં આઈએએમસીએ એક દેખાવો અને કેન્ડલ માર્ચનું આયોજન કરી મણિપુર મુદ્દે અવાજ ઊઠાવ્યો હતો. તેમાં સ્થાનિક ચર્ચા, એનએએમટીએ અને નેશનલ એસોસિએશન ઓફ એશિયન ઈન્ડિયન ક્રિશ્ચિયન્સના સભ્યો સહિત વિવિધ આસ્થા અને જાતીય પૃષ્ઠભૂમિના લોકોએ ભાગ લીધો હતો. જ્યારે મેસાચ્યુસેટ્સમાં અનેક ભારતીય અમેરિકી અને સહયોગી પીડિતો સાથે એકજૂટતા દર્શાવવા લોકો એકત્રિત થયા અને તેમણે એકજૂટ થઈને રાષ્ટ્રપતિ બાયડેન સરકારને હસ્તક્ષેપ કરવા તથા પીએમ મોદીને મણિપુરમાં વધતી હિંસાને રોકવા આગ્રહ કર્યો હતો.

## હરિયાણાના બહાદુરગઢમાં ગમખ્વાર અકસ્માત

# રસ્તાની બાજુમાં ઊભેલી કારને કન્ટેનરે ટક્કર મારતા ૪નાં મોત

### આ તમામ પુષ્કર, અજમેર, ખાટુ શ્યામથી મેરઠ પરત ફરી રહ્યા હતા, એક મહિલા અને પુરુષ ગંભીર ઘાયલ

। બહાદુરગઢ, તા.૨૬ ।

હરિયાણાના બહાદુરગઢમાં મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થઈ ગયા હતા અને બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત બહાદુરગઢમાં કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસવે પર માંડોલી ટોલ પ્લાઝા નજીક સર્જાયો હતો. આ અકસ્માતમાં ૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જેમાં એક પુરુષ, એક મહિલા અને બે છોકરીઓ સામેલ છે. આ તમામના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. મહિલાનું નામ અંજલી જણાવવામાં આવી રહ્યું છે. બુધવાર અને મંગળવારે બપોરે ૩:૨૦ કલાકે મંડોથી ગામના ફ્લાયઓવર પાસે આ અકસ્માત થયો હતો. હજુ સુધી કોઈની ઓળખ થઈ નથી. એક મહિલા અને એક પુરુષ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને પીજીઆઈ રોહતકમાં રિફર કરવામાં આવ્યા છે. આ તમામ પુષ્કર, અજમેર અને ખાટુ શ્યામની મુલાકાત લઈને મેરઠ પરત ફરી રહ્યા હતા. ડ્રાઈવરે બૂમાબૂમ કરતાં આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

કારના ડ્રાઈવરે શૌચાલય જવા માટે કારને સાઈડમાં ઉભી રાખી હતી. તેમણે કેએમપી પર રોડ કિનારે કાર ઉભી રાખી હતી. આ દરમિયાન પાછળથી આવેલા કેન્ટેનરે કારને ટક્કર મારી દીધી. જેમાં કારમાં સવાર ૪ લોકોના મોત થઈ ગયા હતા અને બે લોકો ગંભીર રીતે ઘાયલ થા હતા. આસૌડા પોલીસ સ્ટેશન અને ટ્રાફિક પોલીસ સ્ટેશને આ મામલે કાર્યવાહી હાથ ધરી છે. મૃતદેહોને સિવિલ હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે.

## બાગપત જિલ્લામાં યમુના નદીમાં ચૌંકાવનારી ઘટના

# ઈન્ડિયન ઓઈલની ગેસ પાઈપ લાઈનમાં નદીની વચ્ચે જ બ્લાસ્ટ

### યમુનામાંથી પસાર થતી પાણીપત-દાદરી ગેસ પાઈપ લાઈન અચાનક વિસ્ફોટ સાથે બ્લાસ્ટ થઈને તુટી ગઈ

। બાગપત, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના જાગોશ ગામમાં યમુના નદીની વચ્ચે ઈન્ડિયન ઓઈલ કંપનીની ગેસ પાઈપલાઈન અચાનક બ્લાસ્ટ થઈ હતી જેના સમાચાર વાયુવેગે ફેલાતા જ વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. આ ગેસ પાઈપલાઈનમાં બ્લાસ્ટ થતા પાણીના ફૂવારા ઉછળ્યા હતા. યમુનામાંથી પસાર થતી પાણીપત-દાદરી ગેસ પાઈપલાઈન સવારે ૩ વાગ્યે અચાનક વિસ્ફોટ સાથે ધડાકાભેર બ્લાસ્ટ થઈને તુટી ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ, સિંચાઈ વિભાગ અને જિલ્લાના તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગાઝિયાબાદના જિલ્લા મેજિસ્ટ્રેટની સૂચના બાદ હાલ માટે ગેસનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. જો કે હાલ આ ઘટનાથી કોઈ નુકસાન થયું નથી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારના લોકોને એલર્ટ કર્યા છે. આ સાથે ગેસ કંપનીના લોકોને પણ માહિતી આપવામાં આવી છે. વીડિયોમાં પાઈપલાઈનમાં ભંગાણ થયા બાદ પાણીનો ઉંચો ફુવારો ઉછળતો જોઈ શકાય છે. આ અચાનક ગેસ બ્લાસ્ટ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ એવું માનવામાં આવે છે કે યમુનામાં પાણીના ઝડપી પ્રવાહમાં પથ્થર અથડાવાને કારણે પાઈપલાઈનમાં બ્લાસ્ટ થયો હોવાની સંભાવના સેવાઈ રહી છે. ગેસ પાઈપ લાઈનમાં બ્લાસ્ટ થયા બાદ યમુના નદીમાં પાણીનો ઉછાળો જોવા માટે ગ્રામજનોની ભીડ ઉમટી પડી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ધોનીનો જોબ લેટર સોશિયલ મીડિયા પર થયો વાયરલ

। નવી દિલ્હી, તા.૨૬ ।

સોશિયલ મીડિયા પર એક તસવીર ઝડપથી વાયરલ થઈ રહી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી તસવીર પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો જોબ લેટર છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો મહેન્દ્ર સિંહ ધોનીનો જોબ લેટર વર્ષ ૨૦૧૨નો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા મહેન્દ્ર સિંહ ધોનીના જોબ લેટર મુજબ કેપ્ટન કૂલને ઈન્ડિયા સિમેન્ટ્સમાં વાઈસ પ્રેસિડેન્ટનું પદ મળ્યું છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે મહેન્દ્ર સિંહ ધોનીને આ પોસ્ટ માટે દર મહિને ૪૩ હજાર રૂપિયા મળશે. આ સિવાય દૈનિક ભથ્થા સહિત અન્ય ખર્ચ ઉમેરવાથી તમને ૬૦ હજાર રૂપિયા મળશે. જોકે, મહેન્દ્ર સિંહ ધોનીના જોબ લેટરની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. આ સાથે કેપ્ટન કૂલનો જોબ લેટર સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. જણાવી દઈએ કે પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ઈન્ડિયા સિમેન્ટ્સના ઉપાધ્યક્ષ છે. આ સિવાય ઈન્ડિયા સિમેન્ટ્સની આઈપીએલ ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ છે. ચેન્નાઈ સુપર કિંગ્સનું નેતૃત્વ પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની કરી રહ્યા છે.

### IIM-બેંગલુરૂમાં ૨૭ વર્ષના છાત્રનું કાર્ડિયાક અરેસ્ટથી મોત

। બેંગલુરૂ, તા.૨૬ ।

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) બેંગ્લુરુથી એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અહીં એક ૨૭ વર્ષીય વિદ્યાર્થીનું કાર્ડિયાક અરેસ્ટને લીધે મોત નીપજ્યું છે. આ મામલે ખુદ આઈઆઈએમબેંગ્લુરુ દ્વારા ટ્વિટર પર માહિતી શેર કરવામાં આવી હતી. એક્સજે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતી હતી તેના પર માહિતી શેર કરતાં આઈઆઈએમ બેંગ્લુરુએ જણાવ્યું કે મૃતકની ઓળખ ૨૭ વર્ષીય આયુષ ગુપ્તા તરીકે થઈ છે. તે પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ હેઠળ બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. તે મેનેજમેન્ટનો કોર્ષ કરી રહ્યો હતો. સમર વેકેશન દરમિયાન તે ફિયરિંગ કેપિટલમાં ઈન્ટર્ન તરીકે જોડાયો હતો. એક્સપર ૫ ોસ્ટ કરતાં સંસ્થાને લખ્યું કે અમે દિલથી ઊંડેથી આઘાત પામ્યા છે. તેમનું નિધન કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું હતું. તે ૫ ીજીપીના સ્ટુડન્ટ્સ એલ્યુમની કમિટીના કોઓર્ડિનેટર હતા. સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર તે અહીં એમબીએકરી રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી કાર્ડિયાક અરેસ્ટ કહો કે હૃદય હુમલાના મામલા અને તેનાથી મૃત્યુના કેસ સતત વધતા જઈ રહ્યા છે. જે ચિંતાજનક મામલો છે.

### મોલમાં મહિલાની છેડતી કરનારો BSF જવાન સસ્પેન્ડ

। ઈમ્ફાલ, તા.૨૬ ।

સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થયો હતો જેમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)નો જવાન એક છોકરીની પજવણી કરતો જોવા મળે છે. આ ઘટના મણીપુરના ઈમ્ફાલમાં આવેલા એક ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાં બની હતી. આ ઘટના અંગે પગલા ભરતા બીએસએફએ છેડતીખોર હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દીધો છે. પજવણી કરનાર બીએસએફજવાન સામે ઈમ્ફાલમાં છેડતીનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ આપેલી માહિતી મુજબ આ ઘટના ૨૦ જુલાઈના રોજ ઈમ્ફાલમાં પેટ્રોલ પંપ પાસેની એક દુકાનમાં બની હતી. આરોપીની ઓળખ હેડ કોન્સ્ટેબલ સતીશ પ્રસાદ તરીકે થઈ છે. તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે અને કેસ પણ નોંધવામાં આવ્યો છે. તેમના કહેવા પ્રમાણે, બીએસએફએ તેની સામે આંતરિક તપાસ પણ શરૂ કરી છે. અધિકારીએ વધુમાં કહ્યું કે આ પહેલા થૌબલ જિલ્લામાં બે મહિલાઓનો નિર્વસ્ત્ર કરી પરેડ કરાવવાના કેસમાં અત્યાર સુધીમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં એક સગીરનો સમાવેશ થાય છે. રાજ્ય પોલીસ બાકીના ગુનેગારોને ઓળખવાના તમામ પ્રયાસો કરી રહી છે જેમની ઓળખ કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

## ‘ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત’નો ૧૫માં વર્ષમાં મંગળ પ્રવેશ

‘ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત’ દૈનિક સમાચાર પત્ર છેલ્લા ૧૪ વર્ષથી જનતાની તમામ મુશ્કેલીઓ તમામ પ્રશ્નોને સરકાર સુધી પહોંચાળવાના અમારા સતત પ્રયાસોએ અમોને સમાચાર પત્ર જગતમાં મોખરે મુક્યુ છે અને આ સફળતા પાછળ તમામ વાચક મિત્રો, પત્રકાર મિત્રોનું ‘ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત’ દૈનિક સહપરિવાર ખુબ જ આભાર વ્યક્ત કરે છે. છેલ્લા ૧૪ વર્ષનો સંઘર્ષ પૂર્ણ કર્યાનું અમોને ગર્વ છે, અને સાથે સાથે અમે તમામ વાચક મિત્રો, તમામ પત્રકાર મિત્રો, આમ નાગિરક જનતાનું સારુ સાથ સહાકર મેળવ્યા બાદ અમોને આ જણાવતા પણ ખુબજ ખુશી થાય છે કે, અમારુ દૈનિક સમાચાર પત્ર હવે ૧૫માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી ચૂક્યો છે. આ સમાચાર પત્રનું સફર આસાન નહોતુ પરંતુ કેટલીય તકલીફો અને ઉતાર ચઢાવ પછી અમે આ મુકામ ઉપર આખરે પહોંચી ગયા કે જ્યા અમે જનતાનો વિશ્વાસ જીત્યો અને આ સફરમાં કેટલાય સારા માણસો પણ જોડાયા ગયા હાલ અમો ગુજરાતના અનેક ખુણા ખુણા સુધી પહોંચેલા છીએ, તમામ વાંચક મિત્રોના ઈમેલ - વોટ્સએપ મેસેજથી મળતી અપાર ખુશીઓ, તેઓની શુભેચ્છાઓ વધારે સારુ અને ઉમદા કાર્ય કરવા માટે વધુ ચેલેન્જીંગ સાબિત થાય છે ‘ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત’ દૈનિક સમાચાર પત્ર દિવસે અને દિવસે વધુ ઉજવળ બનતું જાય છે કે, જેની ચમક માત્રથી જ ઘણા લોકોના ધંધા રોજગારની જાહેરાતોથી તેઓના ધંધા રોજગારને રફતાર મળી રહે છે અને લોકોના પ્રશ્નોને માત્ર સરકારશ્રી સુધી પહોંચાડવાનું જ નહીં સાથે સાથે તેનું નિરાકરણ ના આવી જાય ત્યા સુધી ઉભા પગે સાથ રહેવાનું પણ અમારુ મુળ નિયમ છે. જ્યા જ્યા સરકાર તરફ ખોટુ થઈ રહ્યું હોય ત્યારે અમે સરકારનો સાથ સહકાર આપીને દેશની તિજોરીને ખોટ ના પડે તેવી રીતે સમાચારો પ્રસિદ્ધ કરીને સરકારશ્રી સુધી ભ્રષ્ટ્રાચારીઓની પોલી ખોલીને સરકારી અધિકારીઓ સુધી ખુબજ ઈમાનદારીથી પહોંચાળીએ છીએ જ્યારે વાત થાય છે અન્યાયની ત્યા ન્યાય માટે અમે ઉભા રહીએ છીએ, તમામ સમાચારો ઉપર અમારી પહેલી નજર રાખીએ છીએ અને સચોટ માહિતી સાથે તમામ સમાચારો પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે, અમારુ લક્ષ્ય માત્ર સમાચાર પત્ર જ ચલાવવું નહીં પરંતુ સરકારની આંખ કાન પણ બનવું છે જેથી કરીને ભ્રષ્ટ્રાચારીઓ સામે લડત આપી શકીએ અને સરકારની જાહેરાતો કે, જેનાથી આમ નાગરીકોને જનતાને લાભ મળી રહે તેવા કાર્ય પણ કરી રહ્યા છીએ, તેમાં પણ તમામ લોકોને અરજ અપીલ છે કે, છેલ્લા ૧૪ વર્ષથી જે રીતે સાથ સહાકર ખભ્ભાથી ખભ્ભા મેળવીને સાથ આપ્યો છે તેવી જ રીતે આગળના વર્ષોમાં પણ સાથ સહકાર મળી રહે, બોલીવુડથી લઈને પોલીટીક્સ સુધી ક્રિકેટથી લઈને ક્રાઈમ સુધી તમામ પ્રકારના સમાચારો ઉપર નજર રાખીને પ્રજા સુધી પહોંચાડવાના કાર્યમાં તમામ લોકોએ સાથ સહકાર આપ્યુ છે તે તમામ મિત્રો અને જે લોકો હાલમાં સાથે નથી તે લોકોનું પણ ‘ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત’ દૈનિક સમાચાર પત્ર ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે..

## એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઇ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિંગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે.

### સમાજનું ચિત્ર ફરીથી સરસ રીતે દોરવું હોય તો આપણે સૌએ

# સમાજમાં જે કુરિવાજો, પરંપરાઓ, અંધશ્રદ્ધા અને રૂઢીના દૂષણો દૂર કરવા પડશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રકૃતિ સાધુ છે, અને સાધુ આપણે એને જ કહી શકીએ જે સદા સુખ દુઃખમાં સમ રહી શકે, કારણ કે પ્રકૃતિના ખોળે તો અહીં રોજ કેટલાયના જન્મ થતા હોય, અને કેટલાયનું મૃત્યુ! કેટલાય ફૂલ ખીલે તો કેટલાય ફૂલ મૂરજાય છે, નવા પાંદડાઓ ઉગે અને પીળા પડી ગયેલા ખરી જાય. આમ ક્યાંક વૃદ્ધિ સ્વરૂપે વિકાસ, તો ક્યાંક વિનાશ સ્વરૂપે પણ વિકાસ. કારણકે પૃથ્વી નામનો આ ઉપગ્રહ પણ અવકાશમાં તરે છે, એટલે અહીં બધું જ સમતોલનમાં રાખવું પણ એટલું જ જરૂરી છે.માટે આપણા અસ્તિત્વનો ભાર પણ જ્યાં સુધી આ પ્રકૃતિ ઉપાડી શકશે, ત્યાં સુધી જ તે આપણને જીવંત રાખશે, એવું એક અનેરૂ જ્ઞાન પણ આજે ધ્યાન સમયે પ્રાપ્ત થયું, અને નિર્ભાર થવુ હોય તો બહુ સ્વાભાવિક રીતે જ હું પણું છોડવું પડે, આગ્રહો છોડવા પડે,આ મારું! આ તમારું! ના એ વ્યવહારમાંથી બહુ સ્વાભાવિક રીતે જ બહાર આવવું પડે. આપણે કાગળ પર કે પાટી પેન પર જ્યારે કંઈક દોરતા હોઈએ અને એ આપણને સંતોષ થાય તેવું ચિત્ર ન બને, તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે તેને ભૂંસી ફરી નવું ચિત્ર બનાવતાં હોઈએ છીએ. બસ આ જ રીતે સમાજનું ચિત્ર જે આપણા સૌની બેદરકારીને કારણે બગડી ગયું છે, તો બહુ સ્વાભાવિક રીતે જ આ ચિત્ર ફરીથી સરસ રીતે દોરવું હોય તો આપણે સૌએ તેને ભૂંસી અને નવેસરથી પ્રયત્ન કરવો પડશે. આપણા થકી સમાજમાં જે કુરિવાજો, પરંપરાઓ, અને રુઢીના દૂષણો પ્રવેશ્યા છે, એ દૂર કરવા પડશે. અંધ શ્રદ્ધાની વાત પર મનમાં જ્યાં અંધારું છવાય, એ તમામ ને છોડવું પડશે, સૌને સ્વીકારતા શીખવું પડશે, સમાજના નાનામા નાના વર્ગને પણ માન આપવું પડશે, થોડાં રૂપિયા પૈસાથી અન્યને મદદ કરી સમાજમાં સમાનતા ઉભી કરવી પડશે. યુગનિર્માણનું કામ કોઈ એક બે વ્યક્તિથી એટલું આસાનીથી થતું નથી, પરંતુ જો દરેકે દરેક જણ આવું થવું જ જોઈએ! એવું માને અને પોતાનું કર્તવ્ય કર્મ સ્વીકારે, તો આ કાર્ય બહુ ઝડપથી થાય, અને આવાજ એક ગીતનો સંદર્ભ લઈને આપણે આજે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

સાથી હાથ બઢાના રે,
સાથી હાથ બઢાનાઃ,
એક અકેલા થક જાયેગા,
મિલકર બોજ ઉઠાના,
સાથી હાથ બઢાનાઃ સાથી રે..
હમ મહેનત કરને વાલોને જબભી મિલકર કદમ ઉઠાયા,
સાગરને રસ્તા છોડા, પર્વત ને શીશ જુકાયા,
ફૌલાદી હે સીને અપને,ફૌલાદી હે બાહેં,
હમ ચાહે તો પેદા કર દે ચટ્ટાનો મેં રાહે,
સાથી હાથ બઢાના રે..

૧૯૫૭ માં બનેલી નયા દોર નામની આ ફિલ્મમાં દિલીપકુમાર અને વૈજન્તીમાલા એ અભિનય કર્યો છે અને ફિલ્મનું આ ગીત આશા ભોંસલે અને મોહમ્મદ રફી એ ગાયું છે તેમજ સાહિર લુધિયાનવી એ લખ્યું છે, સંગીત દીધું છે ઓમકાર પ્રસાદ નાયરે.

ફિલ્મના ટાઇટલ પ્રમાણે જ આપણે પણ નયા દોર એટલે કે આ જે બધું ભૂલ રૂપે આપણાથી થઈ ગયું છે, એ બધું જ સરખું કરવા મથવું પડશે. એકબીજાના સાથ વગર આ કાર્ય શક્ય નથી, સૌએ સાથે મળીને આ કાર્ય કરવું પડશે. કારણકે કોઈ એકની ભૂલથી સમાજ ડામાડોળ થયો નથી, સૌ કોઈની ભૂલ આમાં સામેલ છે, અને લોકકલ્યાણ કે લોકહિતના કાર્ય માટે જ્યારે કોઈ સાધુ આ રીતે યુગ નિર્માણની મસાલ લઈને યજ્ઞ કાર્ય કરવા નું બીડું ઝડપે, તો સૌ કોઈએ પોતાનાથી થાય તેટલી આહુતિ આમાં આપવી પડે અને તો જ યજ્ઞ સંપન્ન થાય, તેમજ ધાર્યુ પરિણામ આપણે મેળવી શકીએ. નહીં તો હજી આ સદી પણ પૂરી થઈ જશે, અને કદાચ ત્યારબાદ તો પૃથ્વી પર મનુષ્ય નામની પ્રજાતી પણ હતી, એવો કોઈ શબ્દાર્થ પ્રયોજી શકાય!! આ બધી જ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સમાજે સુધારવું તો પડશે જ, અને એમ જુવો આજની યુવાની ક્યાંક ક્યાંક બહુ સ્વચ્છંદ છે, તો ક્યાંક સમજુ પણ છે, અને તેઓ પોતાની રીતે આપણા એટલે કે હિન્દુ સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતા પણ જોવા મળી રહ્યા છે. તો એક આહવાન રૂપે આપણે સૌ સાથી હાથ બઢાના ગીતના મૂળ ભાવને પકડી અને સમાજના ઉદ્ધાર માટે જે કંઈ કરવું પડે એ કરીએ એવો એક સુંદર સંકલ્પ સૌ કરવો પડશે.


ભગવાં કપડાં પહેરીને સન્યાસ ન લેવાય તો કંઈ નહીં, પરંતુ આપણી વૃત્તિઓમાં થોડો વૈરાગ્ય જગાવવો પડશે, અને એની માટે સૌને પોતાના સમજી પ્રેમ કરવો પડશે, મારું તારુંનાં આ બંધનોથી જાતને મુક્ત કરવી પડશે, પ્રાથમિક જરૂરિયાતોને પ્રાધાન્ય આપી અન્ય જરૂરિયાતોનો ત્યાગ કરવો પડશે. દરેકે દરેક વ્યક્તિ કોઈ પણ પાંચ કે દસ વાતને યાદ રાખે તો પણ સમાજની આજની આ પરિસ્થિતિમાં ઘણો ફેર પડી શકે. ભગવાન રામ જ્યારે સીતાજીની શોધમાં હનુમાન, સુગ્રીવ અને અન્ય વાનર સાથે લંકા તરફ જવા નીકળે છે, અને છેક સુધી પહોંચે છે. ત્યારે એક સમુદ્રનું અંતર બાકી છે, અને આ સમુદ્ર કેમ પાર પાડવો એ એક સૌથી મોટી સમસ્યા હતી. અને પછી એની પર સેતુ બાંધવો એવું નક્કી થયું, સૌ પોતપોતાની રીતે આ સેતુ બનાવવા માટે મહેનત કરી રહ્યા હતાં. ત્યાં આગળ આટા મારતી એક ખિસકોલીને પણ આ સત્કાર્યમાં ભાગ લેવો હતો, અને તે વારેવારે રેતીની અંદર જઈ પોતાના શરીરમાં ભરાય એટલી રેતી કે અન્ય માટી રજકણો લઈ આવતી હતી, અને પછી આ સેતુ પર પોતાની જાત ખંખેરતી હતી, અને સમુદ્ર પર સેતુ બંધાઈ ગયો ઈતિહાસમાં આજે પણ એ ખિસકોલીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે અને તેને યાદ કરવામાં આવે છે, એમ આપણે પણ નયા દોર ના આ ગીતના બોલ પકડી અને આપણાથી જે કંઈ થાય એવા નાના-નાના પ્રયત્નો કરીએ, કે જેથી કરીને આવતીકાલે જ્યારે હિન્દુ સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં વાગે, ત્યારે આપણે પણ એ વાતનો ગર્વ લઈ શકીએ કેમ આ સંસ્કૃતિના ઉત્થાનમાં ભલે નાનો પણ મારો પણ ફાળો છે.

કવિ ગીતમાં આગળ લખે છે તેમ મનુષ્ય ધારે તો કંઈ પણ કરી શકે છે, અને એકવાર મહેનત શરૂ કરીએ તો પછી અસ્તિત્વ પણ આપણને સાથ આપે છે.કવિ લખે છે તેમ મહેનત કરવા વાળા એ જ્યારે જ્યારે પોતાના લક્ષ્ય તરફ કદમ આગળ વધાર્યા છે, ત્યારે સમુદ્ર એ માર્ગ આપ્યો છે, અને પર્વત પણ તેની અડગતા આગળ ઝૂકી ગયું છે, કારણ કે આપણી છાતી લોખંડ જેવી અને એ કાર્ય કરવા માટેના હાથ પણ લોખંડી છે. લોખંડી શબ્દ આવે અને આપણને સરદાર વલ્લભભાઈ પટેલ યાદ ના આવે એવું તો બને ખરું!! યાદ કરીએ એ ભારતની આઝાદીના દિવસો, અંગ્રેજોથી તો દેશ આઝાદ થયો, પણ હજી પણ દેશ એક નહતો, કારણ કે નાના નાના રજવાડાઓ હતાં, અને ગમે ત્યારે એમાંનું કોઈ વળી પાછું ફૂટી જાય, તો ફરી પશ્ચિમી શાસકો આપણી પર રાજ કરી શકે, અને આથી એકત્રીકરણની એ ઈતિહાસીક ઘટના ઘટી, જેનો શ્રેય સરદાર વલ્લભભાઈ ને ફાળે જાય છે. એટલે આપણે પણ આ કાર્ય કરી શકીએ તેમ છીએ, કારણકે ગાંધી-સરદારના ગુજરાતમાં આપણો જન્મ છે અને લોહીમાં આ બધા સંસ્કારો જન્મતાની સાથે જ આપણને મળ્યા છે. ભારતમાં જન્મ થયો છે, એટલે મા ભારતી આપણી જનેતા છે, જન્મભૂમિ પણ એક જનેતા છે, અને માતૃભાષા પણ એક જનેતા છે, તો આ ત્રણેયનું માન વધે એ માટે પણ આપણે સૌ એ આ સાથી હાથ બઢાના, એ ગીતના શબ્દો મુજબ સૌ કોઈ એક થઈને હિન્દુ સંસ્કૃતિનાં ઉત્થાન માટે વિચારવું પડશે અને આપણે સૌ આ કાર્ય વહેલામાં વહેલી તકે કરી શકીએ એ માટે આપણાં જેટલો સુધાર થાય એટલો કરીએ, પવિત્ર પ્રેમથી અંદરોઅંદર ના વ્યવહારો તેમજ એકબીજા જોડાયેલા રહીએ,સૌની તકલીફો અને દુઃખદર્દને અનુભવી કંઈક તેના સુખ માટે આપણું પણ યોગદાન હોય એવું વિચારી આગળ વધીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# “ૐ ત્રયમ્બકં યજામહે ! સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્ । ઉર્વારૂકમિવ બન્ધનામ્ મૃત્યોર્મુક્ષીયમામૃતાત્ ॥



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભારતીય સંસ્કૃતિમાં વ્રત તપ તિથિ માસ વારનું આગવું મહત્ત્વ છે. અધિક શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે આજે જપ મંત્ર બાબતે જોઈએ તો સામાન્ય રીતે જપ બેમાંથી એક પરિસ્થિતિ અસ્તિત્વ માં હોય ત્યારે જ સફળ થાય છે જો એ જપ તેના અર્થની ભાવના સાથે કરવામાં આવતો હોય અને જે દેવનો એ મંત્ર હોય તેની પ્રકૃતિ, શકિત, સૌંદર્ય, અને આકર્ષણ પોતાની ચેતનામાં એ લાવી શકે તેમ હોય, તેના મનને સાથે કરવા માં આવતો હોય આ મનના રસ્તા છે.બીજા રસ્તો ઊર્મિ ઉપર આધાર રાખતા હોય છે અને એમાં એ મંત્ર હૃદયમાંથી ઉદભવે છે અને એની અંદર રહેલી કિતની અમુક ભાવના અથવા અર્થના રણકાર એને જીવંત બનાવતા હોય છે. કાંતા મન કે કાંતો પ્રાણે એને ટેકો અને પોષણ આપવું જોઈએ. પરંતુ એ જપને કારણે મન શુષ્ક થઈ જતું હોય અને પ્રાણમાં ચંચળતા આવી જતી હોય તો એમ કહી શકાય કે એ જપને જરૂરી ટેકો કે પોષણ મળતું નથી. અલબત્ત, આ સિવાય એક ત્રીજો રસ્તો પણ છે. એમાં કેવળ મંત્રની અથવા નામની કિત ઉપર જ આધાર રાખવામાં આવે છે; પરંતુ એ રીતે જપ કરવા હોય તો જ્યાં સુધી એ મંત્ર કે નામ ની શકિતનું આંદોલન આંતર ચૈતન્ય ઉપર એટલા પૂરતા પ્રમાણ માં અસર કરે કે તે અમુક ક્ષણે અચાનક પ્રભુની હાજરી અથવા સ્પર્શ પ્રત્યે ખુલ્લું થઈ જાય, ત્યાં સુધી જપ ચાલુ રાખ્યું જવા પડે છે. અચાનક તમને એમ લાગે કે કોઈ વસ્તુ ખોટી રીતની થઈ રહી છે—તમે ભૂલો કરતા હો ,બેધ્યાન બનતા હો, તમે જે કાંઈ કરતા હો તેથી વિરુદ્ધનાં આંદોલનો તમારી સામે આવતાં હોય ત્યારે જો તમે ટેવ કેળવી તો આપાઆપ એ સાદ કરવાની ક્ષણે જાણે કોઈ મંત્રથી આવાહન કરતા હો તેમ કોઈ શબ્દ નો જપ,અસાધારણ અસર ઉપજાવે છે. તમારો મંત્ર તમે પસંદ કરો છે; અથવા ખરી રીતે, કોઈ વિપત્તિની ક્ષણે એ મંત્ર તમને આપો આપ સ્ફુરે છે. એવી કોઈ ક્ષણે યારે પરિસ્થિતિ ખૂબ મુશ્કેલી ભરી હોય, જ્યારે તમારા માં એક પ્રકારનો અંતરદાહ, ચિંતા થતી હોય,જ્યારે તમને સમજાતું ઉછાળો મારીને આવે છે, એનો શબ્દ તમારી અંદર ઊછળી ને પ્રગટ થાય ન હોય કે પછી શું થશે, ત્યારે અચાનક આ મંત્ર તમારી અંદર છે.

દરેક વ્યકિત માટે એ અલગ અલગ હોઈ શકે.પરંતુ જો તમે આ વસ્તુનું ધ્યાન રાખો અને મુશ્કેલીના હરેક સમયે તમે એના જપ કરો તે તે મંત્ર અવરોધ બની જાય છે. દાખલા તરીકે, તમને એમ લાગતું હોય કે તમે માંદા પડવાની શરૂઆતમાં છે, તમને એમ લાગે કે તમે જે કાર્ય કરી રહ્યા છો તે ખરાબ રીતે કરી રહ્યા છે, તમને એમ લાગતું હોય કે કોઈ દુષ્ટ વસ્તુ તમારી ઉપર હુમલા કરવાની તૈયારીમાં છે, ત્યારે ... પરંતુ એ વસ્તુ તમારા સ્વરૂપમાંથી આપોઆપ પ્રગટ થવી જોઈએ, એ વસ્તુ તમારે એના વિચાર કરવાની જરૂર ઊભી થયા વિના સ્ફુરવી જોઈએ : તમે તમારો અમુક મંત્ર પસંદ કર્યા હોય છે, કારણકે એ વસ્તુ તમારી અભિપ્સાની સ્વયંભૂ અભિવ્યકિત હોય છે; એ એક શબ્દ હોઈ શકે, બે કે ત્રણ શબ્દો, એક વાકચ પણ હોઈ શકે, એનો આધાર દરેક વ્યકિત ઉપર રહે છે. પરંતુ એ એક એવા શબ્દ હોવા જોઈએ, જે તમારામાં અમુક અવસ્થા જાગ્રત કરે. પછી, જો એ તમારી પાસે હશે તે,હું તમને ખાતરી આપું છું કે તમે સર્વે વસ્તુઓમાંથી નવિન પસાર થઈ શકશો.તમારી સામે સાચેસાચ વાસ્તવિક ભયનો સામનો કરવાના, ખડો થયો હશે. દાખલા તરીકે, કોઈ વ્યકિત તમને મારી નાખવાને ઈરાદે તમારા ઉપર હુમલા કરે,ત્યારે જો તમે ઉશ્કેરાઈ ગયા વિના,જરા પણ ક્ષોભ પામ્યા વિના, જો તમે તમારા મંત્રને શાંતિ પૂર્વક જપ કરશો તો કોઈ વ્યકિત તમને કાંઈ નહિ કરી શકે. એ તો સ્વાભાવિક છે કે તમે તમારી જાતના સાચા અર્થમાં સ્વામી હોવા જોઈએ; તમારા સ્વરૂપનો એક ભાગ પાંદડાની માફક ધ્રૂજતા ન હોવો જોઈએ, ના,એ જપ,ખરા અંતરથી, સર્વાંગ થી કરવા જોઈએ અને ત્યારે પછી એનામાં સર્વ પ્રકારની શકિત હોય છે.સારામાં સારી વસ્તુ એ છે કે એ શબ્દ તમારામાં સ્વયં ભૂપણે પ્રગટ થવો જોઈએ, તમે કોઈ મહાન મુશ્કેલીની ઘડીએ સાદ કરો (મનોમય, પ્રાણમય, શારીરિક, ઊર્મિમય, કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય) અને અચાનક એ બે કે ત્રણ શબ્દો, જાદુઈ મંત્રની માફક તમારામાં ફરી ઊઠે છે.

એ શબ્દો તમારે યાદ રાખવા જોઈએ અને મુશ્કેલી ઊભી થવાની ક્ષણે તેમનો જપ કરવાની ટેવ પાડવી જોઈએ. જો તમે ટેવ પાડશા તો એક દિવસ એ તમારામાં આપે- આપ જાગ્રત થશે જ્યારે મુશ્કેલી ઊભી થશે ત્યારે મંત્ર આવશે. ત્યારે તમે જોશા કે એનાં પિરણામ આશ્ચર્યજનક આવે છે. પરંતુ એ વસ્તુ કૃત્રિમ રીતે ન થવી જોઈએ અથવા એવી કોઈ વસ્તુ ન હોવી જોઈએ કે તમે મનસ્વીપણે નક્કી કરો કે, “હું આ શબ્દોનો ઉપયોગ કરીશ,” અથવા એમ પણ નહિ કે : કાઈ બીજી વ્યકિત તમને કહે કે, “અરે! જુઓ, આ વસ્તુ બહુ સારી છે” એ વસ્તુ એને માટે ઘણી સારી હોઈ શકે છે પણ બધાને એ લાગુ ન પાડી શકાય.જ્યારે કોઈ વ્યકિત અમુક મંત્રના નિયમિત રીતે જપ કરે છે ત્યારે ઘણું ખરું એ મંત્રનું તેના અંતરમાં આપો આપ રટણ થયે જવાની શરૂઆત થાય છે. એનો અર્થ એમ થાય કે અ મંત્રને આંતર સ્વરૂપે પણ ગ્રહણ કર્યો છે અને એ રીતે એ વધુ અસરકારક બને છે.

ૐ મંત્ર એ બ્રહ્મ ચેતનાને અભિ વ્યકત કરતું શબ્દ-પ્રતીક છે અને તેમાં તૂરિયથી માંડી વિરાટ અથવા બાહ્ય ભૌતિક એવી ચારેય ભૂમિકા ઓનો સમાવેશ થાય છે.મંત્રનું કાર્ય આંતર ચેતનામાં એવાં આંદોલના પ્રગટ કરવાનું છે જેને લઈને એ આંતર ચેતના,એ મંત્ર જે વસ્તુને પોતામાં ધારણ કરી રહ્યો હોય અને જેનું પ્રતીક હોય, તેના સાક્ષાત્કાર માટે તૈયાર થાય. આમ, ૐ મંત્રનો જપ કરવાથી આપણી ચેતના સર્વ વસ્તુઓમાં એક જ ચેતનાને દેખે અને અનુભવે એ રીતે ખુલ્લી થાય છે. આ રીતે આપણને સર્વ ભૌતિક વસ્તુઓમાં, આંતર સ્વરૂપમાં, પારભૌતિક જગતોમાં, અત્યારે આપણને સર્જનની જે ભૂમિકાઓ ચેતનાને પેલે પાર ઉપર આવી રહેલી અનુભવાય છે તેમાં, અને છેવટે, સર્વ વૈશ્વિક અસ્તિત્વથી પરમ મુકત પરાત્પરમાં એક જ ચૈતન્યનાં દર્શન અનુભવ થાય છે. જે લોકો આ મંત્રના ઉપયોગ કરતા હોય છે તેમનું લક્ષ્ય ઘણું ખરું છેલ્લા ગણાવેલા અનુભવ ઉપર વધારે હોય છે.આ યોગમાં કોઈ નિશ્ચિત મંત્ર નથી, મંત્રા ઉપર કોઈ જાતના ભાર મૂકવામાં આવતો નથી, જો કે સાધકને યોગ્ય લાગે અને તેને મદદ કર્તા લાગતા હોય તો કોઈ મંત્રના ઉપયોગ કરી શકે અથવા જ્યાં સુધી મદદકારક લાગે ત્યાં સુધી એવા ઉપયોગ શકે છે. કરતાં વધુ ભાર તો ચેતનામાં અભીપ્સા સેવવા ઉપર અને મન, હૃદય, સંકલ્પ અને સમગ્ર સ્વરૂપની એકાગ્રતા ઉપર મૂકવામાં આવે છે. જો એ વસ્તુ કરવામાં કોઈ મંત્ર લાભદાયી લાગે તો એને ઉપયોગ કરી શકાય છે. ૐ મંત્રને જો યોગ્ય રીતના પ્રયોગ કરવામાં આવે તો યંત્રવત્ નહિ) તે એ શકય છે કે એને લઈને ઊર્ધ્વ પ્રત્યે અને વિસ્તૃત (વિરાટ) ચેતના પ્રત્યે આપણી જાત ખુલ્લી કરવામાં મદદ કર્યા થઈ પડે અને ઊર્જાની ચેતનાના અવતરણમાં પણ મદદ કરે.એક નિયમ તરીકે આ સાધના માં ફકત શ્રી માતાજીના કે મારા નામના મંત્ર તરીકે ઉપયોગ કરવા માં આવે છે.ગાયત્રીની શકિત એ ભાગવત સત્યના પ્રકાશ છે. એ જ્ઞાનના મંત્ર છે.

વાચક ચાહક મિત્રો આજે જપ મંત્ર વિશે જોઈએ અધિક માસનું ચિંતન કરવા પ્રયત્ન કર્યો છે.

## શહેરા મામલતદાર કચેરી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના અધ્યક્ષસ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

। ગોધરા, તા.૨૬ ।

લોકપ્રશ્નોના ઝડપી નિરાકરણ એટલે સ્વાગત કાર્યક્રમ. સ્વાગત કાર્યક્રમને રાજ્ય સરકારશ્રી દ્વારા ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘નું આયોજન દર મહીને સતત કરવામાં આવી રહ્યું આવ્યું છે.જે અંતર્ગત આજરોજ પંચમહાલ જીલ્લાના તાલુકા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયા હતા. પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકીના અધ્યક્ષસ્થાને શહેરા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શહેરા મામલતદારશ્રી એન.એમ મોદી સહિત સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.તાલુકા સ્વાગત ખાતે કુલ ૧૨ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

## એબીબી ઇન્ડિયાએ પોતાની સર્વિસ કેપેસિટીને ડબલ કરતા સૌથી મોટી ડ્રાઇવ્સ સર્વિસ વર્કશોપનું ઉદ્‌ઘાટન કર્યું



એબીબી ઈન્ડિયા (ABB India) ના મોશન સર્વિસિસ ડિવીઝને પોતાની સર્વિસ ફુટ પ્રિન્ટને મજબૂત બનાવતા ભારતના ગુજરાત રાજ્યમાં આવેલા વડોદરા શહેરમાં પોતાની સૌથી મોટી ડ્રાઈવ સર્વિસ વર્કશોપનો પ્રારંભ કર્યો છે. આ નવી સુવિધા એબીબી (ABB) ની સેવા ક્ષમતામાં નોંધપાત્ર વધારોકરે છે અને બહેતર સેવાઓ પ્રદાન કરવા માટે કંપનીની પ્રતિબદ્ધતાને વધુમજબૂત બનાવશે.

વડોદરાની અત્યાધુનિક નવી વર્કશોપ એબીબી(ABB)ની ત્રીજી અને બેંગ્લોર અને ફરીદાબાદ ભારતમાં સૌથી મોટી સર્વિસ ફેસિલિટી આપનારી વર્કશોપ છે. વર્કશોપ સીમલેસ ડ્રાઈવ રિસ્ટોરેશન, રિપેર, રિકન્ડિશનિંગ અને ડ્રાઈવ એક્સચેન્જ પ્રદાન કરે છે જે ગ્રાહકોનેસમય પહેલા સ્ક્રેપિં ગથી બચાવવા અને ઈલેક્ટ્રિકલ વેસ્ટ ઘટાડવાનીસાથે અદ્યતન ડ્રાઈવ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

“અમારું સ્ટેટ ઑફ ધ આર્ટ વર્કશોપ અદ્યતન ક્ષમતાઓ અને ગ્રાહક સંતોષમાટે અતૂટ પ્રતિબદ્ધતા સાથે નવા ઉદ્યોગ ધોરણો સેટ કરે છે. અમારી વૈશ્વિકઅને સ્થાનિક સેવા નિપુણતા સાથે આ ટકાઉ અભિગમ અમને કાર્યક્ષમ અનેવિશ્વસનીય ડ્રાઈવ સર્વિસિંગ સોલ્યુશન્સ આપવા સક્ષમ બનાવે છે.

## કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદ સૈનિકના પરિવારો માટે સ્નેહ મિલન સંપર્ક કાર્યક્રમ યોજાયો

। વડોદરા, તા.૨૬ ।

કારગીલ વિજય દિવસ નિમિત્તે ગુજરાતના વડોદરા જિલ્લાના વીર નારીઓ અને વિધવાઓને સુવિધા આપ વા ઉદ્દેશથી વિશ્વેશ્વરૈયા ઓડિટોરિયમ, ઈ.એમ.ઈ. સ્કૂલ, વડોદરાના નિર્દેશન હેઠળ સ્નેહ મિલન સંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વીર નારીઓ તથા શહીદ સૈનિકોના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. તે સાથે વીર નારીઓ, નિવૃત્ત સૈનિકો, વિધવાઓ અને આશ્રિતોને તેમના પેન્શન, મેડિક્લ, પુનઃનિયુક્તિ અથવા પુનર્વસન, સંચાલિત કેન્ટીન, ઈ.સી.એચ. એસ. અને અન્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ વેળાએ જિલ્લા કલેકટરશ્રી અતુલ ગોરે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, એસ.એસ.જી. હોસ્પીટલમાં સૈનિક પરિવારો માટે ડેડીકેટેડ વિન્ડો ખોલવામાં આવશે. તેમાં સૈનિક પરિવારોને પ્રાથમિકતાના ધોરણે સારવાર કરવામાં આવશે. વધુમાં તેમણે સૈનિક પરિવારોના કલ્યાણની જવાબદારી સમગ્ર સમાજની છે અને જિલ્લા વહીવટી તંત્ર સૈનિક પરિવારોની સુવિધામાં વધારો થાય તેવા તમામ પગલાં લેવા માટે તત્પર છે તેમ ઉમેર્યુ હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજમાતા શ્રી શુભાંગીનીદેવી રાજે એ પ્રાસંગિક ઉદબોધનમાં ભારતવર્ષના વીર સૈનિકોને યુનિફોર્મમાં જોતા દરેક દેશવાસીઓની હિંમત વધી જાય છે.

## વારાણસીમાં ૨૨-૨૪ જુલાઈના આયોજિત ઈન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સપો ૨૦૨૩ ખાતે પશ્ચિમ ભારતનાં મંદિરોનું પ્રતિનિધિત્વ કર્યું



સારાંશઃ

મંદિરની વ્યવસ્થાના સંગઠીકરણ, વ્યવસ્થાપન અને વહીવટને ટેકો આપવા અને ઉદ્ધાર કરવા દુનિયામાં અનોખા મેળાવડામાં ૩૨ દેશના ૧૦૯૮ મોવડીઓ અને ૨૫૦ પ્રસિદ્ધ મંદિરોએ ભાગ લીધો. કાર્યક્રમમાં ૪૦ સત્રો હતાં, જેમાં ૧૦ મુખ્ય વક્તાઓનું સંબોધન, ૧૦ મંદિર પર ચર્ચા (સીમાચિહનરૂપ વાર્તાઓ) અને ૧૫ અંતર્દ્રષ્ટિ કરાવતાં સત્રો અને પેનલ ચર્ચાનો સમાવેશ થાય છે. ઉપરાંત આ પરિસંવાદ ૫ નવા યુગની નાવીન્યપૂર્ણ પ્રોડક્ટો અને ડિજિટાઈઝેશન સેવાઓ માટે મહત્ત્વપૂર્ણ લોન્ચ પેડ બની રહ્યો, જે અજોડ મંદિર ઈકોસિસ્ટમ અને તેના સંબંધિત બ્રહ્માંડને પહોંચી વળે છે.

રાષ્ટ્રીય રૂપરેખાઓ

આ કાર્યક્રમનું ઉદઘાટન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે આઈટીસીએક્સના સ્થાપકો પ્રસાદ લાડ અને ગિરીશ કુલકર્ણીએ કર્યું હતું.

## ચોમાસામાં ડાયાબિટીઝનું સંચાલન કરવાના સુચનો



ચાના અમર્યાદિત કપ, ગંદી જગ્યામાં જવુ, પેપર બોટ્સ ગરમાગરમ પકોડા ખાવા અને બારીની બહાર જોતા જોતા સંગી સાંભળવુ – આમ તમામ બહુ થોડી બાબતો છે જે ચોમસાની પ ર્યાય બની ગઈ છે, આ સિઝન એવી છે કાયમ આપણી પર અસર કરે છે.

આ સિઝન ડાયાબિટીઝ ધરાવતા લોકો માટે અત્યંત અગત્યની છે, કેમ કે તેઓ નિયમિત ધોરણે વરસાદમાં દેખરેખ રાખતા નથી. વધુમાં જે તે વ્યક્તિએ પોતાનું બ્લડ સુગર લેવલ નિયંત્રણમાં રાખવુ જોઈએ. આવું કન્ટીન્યુઅસ ગ્લુકોઝ મોનીટરીંગ (સીજીએમ) ડિવાઈસ જેવા સાધનો મારફતે સરળતાથી કરી શકાય છે, જેમાં તમું ગ્લુકોઝ લેવલ જોવા માટે આંગળી પર સોય નાખવાની જરૂર રહેતી નથી. આ પ્રકારના સાધનો ટાઈમ ઈન રેન્જ જેવા મેટ્રિકસ ધરાવે છે, જેમાં દિવસમાં અમુક સમય દરમિયાન જે તે વ્યક્તિનું ગ્લુકોઝ લેવલ નિર્દિષ્ટ રેન્જમાં રહે છે તે દર્શાવે છે. તમારા વાંચનની વારંવાર તપાસ પણ ઈષ્ટતમ રેન્જમાં વિતાવેલ સમય સાથે સંકળાયેલ છે, જે તમારા ગ્લુકોઝ લેવલને સુધારી શકે છે.

## આ રહ્યું કે, શા માટે કરણવીર શર્માનો મેકઅપ રૂમ એ રબ સે હૈં દુઆના સેટ પર બધાને ગમતો રૂમ છે



ઝી ટીવીના રબ સે હૈં દુઆએ દર્શકોના દિલમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. શોમાં એક એવી મહિલાની વાર્તા છે, જે તેના પતિના અન્ય મહિલા સાથેના બીજા લગ્નની વિનંતી સામે પ્રશ્ન ઉઠાવી રહી છે. તાજતેરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, કઈ રીતે ગઝલ (રિચા રાઠૌર), રૂહાન (અંકિત રાયઝાદા)ને હૈદર (કરણવિર શર્મા) અને દુઆ (અદિતી શર્મા)ની વિરુદ્ધ ચડાવી રહી છે, જેથી તે દુવાની સામે તેના બદઈરાદામાં જીતી શકે, પણ તે નિષ્ફળ જાય છે. હવે એ જોવું રસપ્રદ રહેશે કે, કઈ રીતે તેના બધા બદઈરાદા નિષ્ફળ જાય છે, કેમકે દુઆએ રૂહાનને સમજાવશે કે, ગઝલ જ દરેક મુસીબતની જડ છે. શોમાં હાલ આ નાટક ચાલી રહ્યું છે, ત્યારે તાજેતરમાં જ દર્શકોએ જોયું કે, કરણવીરએ સતત ધ્યાન રાખી રહ્યો છે કે, સેટ પર તેના સહ-કલાકારનું મનોરંજન થતું રહે અને તેઓ ખુશ રહે. આપણે બધા જ જાણીએ છીએ કે, કલાકારો તેમના શૂટિંગની વ્યસ્તા અનુસાર, તેમનો મોટાભાગનો સમય શોના સેટ પર વિતાવે છે. આવા કેસમાં, એ સૌથી વધુ મહત્વનું છે કે, કલાકારો સેટ પર સરળતાથી રહી શકે. આ જ વાતની ખાતરી કરતા કરણવીર શર્માએ તેના મેકઅપ રૂમને એવી રીતે તૈયાર કર્યો છે કે, સેટ પર બધાને તેનો રૂમ ખૂબ જ ગમી ગયો છે.

## આકાશ બાયજુસે તેની સૌથી મોટી ટેલેન્ટ હન્ટ એક્ઝામ એન્થે ૨૦૨૩ની જાહેરાત કરી

### ધોરણ ૭થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ ટકા સુધીની શિષ્યવૃત્તિ અને રોકડ પુરસ્કારની જોગવાઈ



। નવી દિલ્હી, તા.૨૬ ।

પરીક્ષાની તૈયારી માટે સેવાઓ પૂરી પાડતી રાષ્ટ્રની અગ્રણી સંસ્થા આકાશ બાયજુસે આજે તેની લોકપ્રિય અને વ્યાપકપણે માંગ ધરાવતી ANTHE (આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ એક્ઝામ) ૨૦૨૩ની ૧૪મી આવૃત્તિનું અનાવરણ કર્યું હતું. આ અગ્રણી વાર્ષિક શિષ્ય વૃત્તિ પરીક્ષા ધોરણ ૭થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ ટકા સુધીની શિષ્યવૃત્તિ અને નોંધપાત્ર રોકડ પુરસ્કાર મેળવવાની તક પૂરી પાડે છે. મેડિસિનથી લઈને એન્જીનિયરીંગમાં આશાસ્પદ ભવિષ્યનું સ્વપ્ન પૂરું કરવામાં યુવાનોને સશક્ત બનાવવા માટે ANTHE ૨૦૨૩ સફળતા માટેના ઉત્કૃષ્ટ માર્ગ બનવા માટે વચનબદ્ધ છે.

ANTHE શિષ્યવૃત્તિ મેળવનારાઓ આકાશમાં નોંધણી કરાવી શકે છે અને નીટ, જેઈઈ, સ્ટેટ સીઈટી, શાળા / બોર્ડ પરીક્ષાઓ તેમજ એનટીએસઈ અને ઓલિમ્પિયાડ્સ જેવી સ્પર્ધાત્મક શિષ્યવૃત્તિ સહિતની વિવિધ પરીક્ષાઓની તૈયારી માટે નિષ્ણાત માર્ગદર્શન અને પરામર્શ મેળવી શકે છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ માટે એક રોમાંચક ઉમેરો એ છે કે વિવિધ વર્ગોના ૧૦૦ વિદ્યાર્થીઓ માટે નેશનલ સાયન્સ એક્સપિ ડિશનમાં ૫-દિવસની તમામ ખર્ચની ચૂકવણી કરેલી યાત્રા જીતવાની તક છે.

વર્ષોથી, ANTHE એ નોંધપાત્ર તારલાઓ આપ્યા છે, જેમાં આકાશ બાયજુસના કેટલાક વિદ્યાર્થીઓ નીટ (યુજી) અને જેઈઈ (એડવાન્સ્ડ) જેવી પરીક્ષાઓમાં ટોચના રેક્કર તરીકે ઉભરી રહ્યા છે. આકાશ ખાતે એન્થે સાથે શૈક્ષણિક સફર શરૂ કરનારા સંખ્યાબંધ વિદ્યાર્થીઓ, જેમાં કૌસ્તવ બાઉરી (એઆઈઆર ૩), ધ્રુવ અડવાણી (એઆઈઆર ૫) અને સૂર્યા સિદ્ધાર્થ એન (એઆઈઆર ૬) નો સમાવેશ થાય છે, તેઓ નીટ (યુજી) ૨૦૨૩ માં ચેમ્પિયન બન્યા હતા. એ જ રીતે, આદિત્ય નીરજે (એઆઈઆર ૨૭) અને આકાશ ગુપ્તા (એઆઈઆર ૨૮), જેમણે એન્થે સાથે તેમની સફર શરૂ કરી હતી, તેમણે જેઈઈ (એડવાન્સ્ડ) ૨૦૨૩ માં પ્રશંસનીય સ્થાન મેળવ્યું હતું.

આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (એઈએસએલ) ના સીઈઓ શ્રી અભિષેક મહેશ્વરીએ એન્થે ૨૦૨૩ પર ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, “એન્થે સ્વપ્નો અને ક્ષમતાઓ વચ્ચેના અંતરને દૂર કરીને લાખો વિદ્યાર્થીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં ઉત્પ્રેરક રહ્યું છે. વર્ષ ૨૦૧૦માં તેની શરૂઆતથી, અમે ભૌગોલિક અવરોધોને તોડીને, લાયકાત ધરાવતા દેશના વિદ્યાર્થીઓને અમારી કોચિંગની તકો પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે.

---

BOLLYWOOD NEWS FLASH

### પૂજા તરીકે તે બ્લાઉઝ અને સ્કર્ટ પહેરેલો જોવા મળે છે, જે લાંબા વાળ ધરાવે છે અને લિપસ્ટિક લગાવતી વખતે અરીસામાં જોઈ રહ્યો છે



## આયુષ્માન ખુરાનાની ફિલ્મ ડ્રીમ ગર્લ ૨નો ફર્સ્ટ લૂક થયો રિલીઝ

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાના આજકાલ તેની આગામી ફિલ્મ ડ્રીમ ગર્લ ૨ માટે ચર્ચામાં છે. તાજેતરમાં આ ફિલ્મનો એક નાનો પ્રોમો વિડિયો રિલીઝ થયો હતો, જેમાં આયુષ્માન ખુરાના પૂજાના પાત્રમાં લોકોનું મનોરંજન કરતો જોવા મળ્યો હતો. હવે આ ફિલ્મનું એક પોસ્ટર શેર કરવામાં આવ્યું છે, જેમાં આયુષ્માન ખુરાનાનો રસપ્રદ લૂક જોવા મળ્યો હતો. જે પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે તેમાં આયુષ્માન ખુરાના બે રૂપમાં જોવા મળી રહ્યો છે. આયુષ્માન ખુરાનાની ફિલ્મ ડ્રીમ ગર્લ ૨નું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે, જેમાં તે એક તરફ પૂજા અને બીજી તરફ કરમના રૂપમાં જોવા મળી રહ્યો છે. પૂજા તરીકે તે બ્લાઉઝ અને સ્કર્ટ પહેરેલો જોવા મળે છે, જે લાંબા વાળ ધરાવે છે અને લિપસ્ટિક લગાવતી વખતે અરીસામાં જોઈ રહ્યો છે. ડ્રીમ ગર્લ ૨નું ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કરતાં આયુષ્માને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, ‘આ માત્ર પહેલી ઝલક છે.


આયુષ્માન ખુરાનાએ ફિલ્મનું પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કરવાની સાથે જ તેની પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. આયુષ્માનની પત્ની તાહિરાને પોસ્ટર ઘણું પસંદ આવ્યું છે, તેણે તેના પર ફાયર અને હાર્ટ ઈમોજી બનાવ્યું છે. અભિનેત્રી અમૃતા કહનવિલકરે લખ્યું, “અરે કોઈ સીટી બજાઓ.” તે જ સમયે એક ચાહકે લખ્યું, ‘આની રાહ જોઈ શકતો નથી.’ બીજાએ લખ્યું, ‘ખૂબ જ ઉત્સાહિત છીએ.’ તમને જણાવી દઈએ કે રાજ શાંડિલ્ય દ્વારા નિર્દેશિત આ ફિલ્મ કરમ (આયુષ્માન ખુરાના)ના પાત્રની આસપાસ ફરે છે.

### શેર કરતાં અભિનેત્રી ઉર્ફી જાવેદે લખ્યું, હું મારી લિપ ફિલર્સ જર્ની તમારા બધા સાથે શેર કરી રહી છું

## ઉર્ફી જાવેદે મેકઅપ વિનાના ફોટોઝ સોશિયલ મીડિયા પર શેર કર્યા

। મુંબઈ, તા.૨૬ ।

હાલમાં જ જાણીતી સેલેબ્રિટી ઉર્ફી જાવેદે તેની આંખોની નીચે ફિલર્સનો ઉપયોગ કરવાનો તેનો ડરામણો અનુભવ શેર કર્યો. તેણે કહ્યું હતું કે તાજેતરમાં જ તેણે તેની આંખોની નીચે ડાર્ક સર્કલ માટે આઈ ફિલર્સ કરાવ્યું હતું, પરંતુ બધું બરાબર થવાને બદલે બધું ખોટું થઈ ગયું. તેની આંખો લાલ થઈ ગઈ હતી. હવે ઉર્ફીએ કહ્યું કે તેણે લિપ ફિલર્સ પણ કરાવ્યું હતું અને આ અનુભવ પણ ઘણો ભયાનક હતો. ઈન્ટરનેટ સેન્સેશન ઉર્ફી જાવેદ આ દિવસોમાં પોતાના અનુભવોને લઈને ચર્ચામાં છે. ઉર્ફીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે મેકઅપ વગર



જોવા મળી રહી છે. ઉર્ફીના હોઠ સૂજી ગયા છે અને આ પોસ્ટમાં તેણે તેની આ જ વાત સંભળાવી છે. ઉર્ફીએ આ પોસ્ટમાં કહ્યું છે કે જ્યારે પણ તમે આવું કંઈક પ્લાન કરો તો હંમેશાં સારા ડોક્ટરોની મદદ લો.

### તેઓ કહે છે, ૪૦ પછી સ્ત્રી સમજદાર થઈ જાય છે પરંતુ મુદ્દાની વાત એ છે તે પોતાની જાતને ૪૦ વર્ષની માનતી જ નથી

## વ્યસનથી દૂર રહેવાની સલાહ આપતા ચંપકચાચા ખાય છે ગુટકા?



। મુંબઈ, તા.૨૬ ।


તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરિયલમાં બાપુજીનું પાત્ર જેઠાલાલ સહિત આખી સોસાયટીને જ્ઞાન આપે છે અને જિંદગીના પાઠ ભણાવે છે. ગોકુલધામ સોસાયટીની પુરુષ મંડળીને વ્યસનથી દૂર રહેવાની સલાહ તેઓ આપતા રહે છે. આ રોલ એક્ટર અમિત ભટ્ટ દ્વારા ભજવવામાં આવે છે. હાલમાં જ અમિત ભટ્ટને એક સોશિયલ મીડિયા યૂઝરે સવાલ કર્યો હતો કે, શું તેઓ ગુટકા ખાય છે? અમિત ભટ્ટે મૂકેલી એક પોસ્ટ પર કોમેન્ટ કરતાં યૂઝરે આ સવાલ કર્યો હતો. આ વર્ષે મે મહિનામાં પોસ્ટ કરેલા વિડીયોમાં અમિત ભટ્ટ પોતાની પત્ની કૃતિ ભટ્ટ સાથે જોવા મળે છે. વિડીયોમાં તેઓ એક ડાયલોગ બોલતા જોવા મળે છે. તેઓ કહે છે, “૪૦ પછી સ્ત્રી સમજદાર થઈ જાય છે પરંતુ મુદ્દાની વાત એ છે તે પોતાની જાતને ૪૦ વર્ષની માનતી જ નથી.”

### અવનીશ બડજાત્યા એક એવી લવ સ્ટોરી લઈને આવી રહ્યા છે જેમાં નિર્દોષતા અને નવા યુગની ફ્લેવર એમ બંને છે

## દોનોમાં એકસાથે દેખાશે સની દેઓલનો દીકરો અને પૂનમ ઢિલ્લોંની દીકરી

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડના વધુ બે નવા સ્ટારકિડ્સ સિનેમાની દુનિયામાં આવવાના છે. સની દેઓલના બીજા પુત્ર રાજવીર દેઓલ અને પૂનમ ધિલ્લોનની પુત્રી પલોમા ધિલ્લોનની ડેબ્યુ ફિલ્મ ‘દોનો’નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. માત્ર આ બે જ નહીં પરંતુ રાજશ્રી પ્રોડક્શનના સૂરજ બડજાત્યાનો પુત્ર અવનીશ બડજાત્યા પણ આ ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે. ટીઝર વીડિયોની શરૂઆત પણ રાજવીર અને પલોમા બીચ પર બેઠા છે ત્યાંથી થાય છે. દોનોના ટીઝરમાં જોવા મળે છે કે વરરાજાની મિત્ર મેઘના અને કન્યાનો મિત્ર દેવ છે. અવનીશ બડજાત્યા એક એવી લવ સ્ટોરી લઈને આવી રહ્યા છે જેમાં નિર્દોષતા અને નવા યુગની ફ્લેવર એમ બંને છે. થાઈલેન્ડમાં એક ડેસ્ટિનેશન વેડિંગ થઈ રહ્યું છે અને સંગીત અને ડાન્સની વચ્ચે બે દિલ મળી રહ્યા છે, પરંતુ ગુપ્ત રીતે. દોનોના આ ટીઝર વીડિયોમાં રાજવીર દેઓલ અને પલોમા ધિલ્લોન બંને સારા દેખાઈ રહ્યા છે.



## ઘણી અભિનેત્રીઓ ફિલ્મના શૂટિંગ દરમિયાન જ થઈ ગયેલી પ્રેગ્નેન્ટ

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડમાં આવી ઘણી અભિનેત્રીઓ છે, જે શૂટિંગ દરમિયાન જ પ્રેગ્નન્ટ થઈ ગઈ હતી અને બાદમાં ઘણો હંગામો થયો હતો. કેટલાકે અધવચ્ચે જ ફિલ્મ છોડી દીધી તો કેટલાકે કામને મહત્વ આપ્યું. કરીના કપૂરે સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યા અને તે બે બાળકોની માતા બની છે. બંને વખત અભિનેત્રી ફિલ્મના શૂટિંગ સમયે ગર્ભવતી થઈ હતી. પ્રથમ વખત તે ફિલ્મ વીરે દી વેડિંગના શૂટિંગ દરમિયાન ગર્ભવતી બની હતી. બીજું, તે લાલ સિંહ ચઢ્ઢાના શૂટિંગ દરમિયાન ગર્ભવતી બની હતી. અભિનેત્રીએ તેની




ગર્ભાવસ્થા દરમિયાન થોડો બ્રેક લીધા બાદ તેનું શૂટિંગ પૂર્ણ કર્યું હતું. ઐશ્વર્યા રાય બચ્ચન વિશે વાત કરીએ તો ફિલ્મ હિરોઈનના શૂટિંગ દરમિયાન અભિનેત્રી પ્રેગ્નન્ટ થઈ ગઈ હતી અને આ જાણીને મેકર્સે ફિલ્મનું શૂટિંગ રોકી દીધું હતું. બાદમાં ઐશ્વર્યા રાય બચ્ચને આ ફિલ્મ છોડી દીધી હતી અને તે પછી ઘણો હંગામો થયો હતો. ફિલ્મ વી આર ફેમિલીના શૂટિંગ દરમિયાન કાજોલ પણ પ્રેગ્નન્ટ થઈ ગઈ હતી અને બાદમાં અભિનેત્રી ફિલ્મના શૂટિંગ અને પ્રમોશન બંનેમાં જોવા મળી હતી. આટલું જ નહીં અજય દેવગણે અભિનેત્રીને આરામ કરવાનું કહ્યું હતું પરંતુ તેણે તેમ કર્યું ન હતું.

### એક યૂઝર્સે લખ્યું માલદીવ સળગવા લાગ્યું છે, અભિનેત્રીની પોસ્ટ પર આવી કમેન્ટ્સ સતત આવી રહી છે

## માલદીવના બીચ પર પિંક બિકિની પહેરી સોનાલીએ લગાવી આગ

। મુંબઈ, તા.૨૬ ।

તાજેતરમાં જ લગ્નના બંધનમાં બંધાયેલી અભિનેત્રી સોનાલી સહગલે તેની તાજેતરની હોટ તસવીરોથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. સોનાલી પિંક બિકીની પહેરીને માલદીવના બીચ પર આગ લગાવી રહી છે. પ્યાર કા પંચનામા અભિનેત્રીની બોલ્ડનેસ જોઈને યૂઝર્સ પરસેવો છૂટી રહ્યો છે અને તેઓ કોમેન્ટ બોક્સ પર ફાયર ઈમોજી અને રેડ હાર્ટ ઈમોજીનો વરસાદ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું - કોઈ આટલું હોટ કેવી રીતે હોઈ શકે. બીજા એક યૂઝર્સે લખ્યું- માલદીવ સળગવા લાગ્યું છે. અભિનેત્રીની પોસ્ટ પર આવી કમેન્ટ્સ સતત આવી રહી છે. સોનાલી તેના બોલ્ડ અને હોટ અંદાજ માટે જાણીતી છે. અભિનેત્રીની હોટ તસવીરો સોશિયલ મીડિયામાં સતત વાયરલ થતી રહે છે. ચાહકો પણ તેના દરેક લૂકને ખૂબ જ પસંદ કરે છે. સોનાલીની આ બિકિની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર જોરદાર વાયરલ થઈ રહી છે.



# ભરૂચના ગાયત્રીનગર ખાતે આવેલા શ્રી જલારામ બાપાના મંદિર ખાતે સુંદરકાંડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

। કેતન મહેતા ભરૂચ, તા.૨૬ ।

સુંદરકાંડમાં હનુમાનની જીત અને શૌર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.હનુમાનજી સીતાની શોધમાં લંકામાં સુંદર પર્વત ઉપર ગયાં હતા જ્યાં અશોક વાટિકના બગીચામાં હનુમાનજી અને સીતા માતા પ્રથમ મુલાકાત થઈ હતી.રામાયણમાં આ સૌથી મહત્વપૂર્ણ ઘટના હતી માટે આ પાઠનું નામ સુંદરકાંડ રાખવામાં આવ્યું હતું. અને આ સુંદરકાંડનો પાઠ કરનાર ભક્તને હનુમાનજી શક્તિ આપે છે અને નકારાત્મક ઉર્જા તેની આસપાસ આવી શકતી નથી.



મનુષ્યના જીવનમાં વધુ પડતી મુશ્કેલીઓ હોય, કોઈ કામ ન થઈ રહ્યું હોય, આત્મવિશ્વાસમાં ઘટાડો થઈ રહ્યો હોય કે પછી ઓચિંતી કોઈ સમસ્યા આવી પડતી હોય. ત્યારે આ તમામ તકલીફોને દૂર કરવા માટે તુલસીદાસ રચિત શ્રી રામચરિતમાનસના પાંચમાં સોપાન એટલે સુંદરકાંડનો પાઠ કરવો જોઈએ.

હનુમાનજીને જલ્દી પ્રસન્ન કરવા માટે હનુમાન ચાલીસાની સાથે સુંદરકાંડનો પણ પાઠ કરવામાં આવે છે.જેથી હનુમાનજીની કૃપા ઘણી જલદી પ્રાપ્ત થાય છે. મનુષ્ય જીવનના દુઃખોને દૂર કરવા અને માનસિક શાંતિ પ્રાપ્ત કરવા માટે આ પાઠ કરવામાં આવે છે. હનુમાનજીના પ્રસન્ન થવાની સાથે શ્રીરામની કૃપા પણ જલ્દી મળે છે. માટે હનુમાનજી અને પ્રભુ શ્રી રામની કૃપા પ્રાપ્ત કરવા માટે ભરૂચના ગાયત્રીનગર ખાતે આવેલા શ્રી જલારામ બાપાના મંદિર ખાતે સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી રાધા-કૃષ્ણ સુંદરકાંડ પરિવાર, મુ. સજોદ, તા. અંકલેશ્વર, જી. ભરૂચના શ્રી જીતેન્દ્રભાઈ ભટ્ટના ગ્રુપ દ્વારા સંગીતમય સુંદરકાંડના પાઠ દ્વારા ભક્તોના મનને ડોલાવ્યા હતાં. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહીને આ ભવ્ય સુંદરકાંડના પાઠ, દર્શન, આરતી અને પ્રસાદીનો લાભ લઈને પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું.

# ઝાલોદ કોલેજમાં આરોગ્ય જાગૃતિ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



। ઝાલોદ, તા.૨૬ ।

૨૬ જુલાઈના રોજ ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં એન એસ. એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગે જાગૃતિ વધે તે માટે 'આરોગ્ય જાગૃતિ' અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અનિલભાઈ અને હેતલબેને વિદ્યાર્થીઓને એચ.આઈ.વી અને હિપેટાઈટિસ બી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ આ રોગના લક્ષણો અને આ રોગમાંથી કેવી રીતે બચી શકાય તે અંગેના ઉપાયો બતાવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. ઓફિસર ડો. બાહદુર સિંહ ગોહિલ, ડૉ. આશિષ મોદી ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં કૉલેજના સ્ટાફ મિત્રો તથા કોલેજના તમામ NSS, NCC અને સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. બી.એમ. ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આમ આદમી પાર્ટી દ્વારા

# ઝાલોદ નગરમાં પાલિકાના કથળતા વહીવટને લઈ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું

**જવાબદાર તંત્ર જો સફાળે નહીં જાગે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી**

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ નગરમાં છેલ્લા કેટલાય સમયથી નગરજનોને પ્રાથમિક સુવિધા નથી મળી રહી લેખિત મૌખિક રજૂવાત કરવા છતાય ફરિયાદો સાંભળવામાં નથી આવતી તે જોઈ નગરની આમ આદમી પાર્ટી પ્રજાજનો ને પડતી હાલાકી તાત્કાલિક દૂર કરવા માટે એક આવેદન પત્ર પ્રાંત અધિકારીને આપી નગરની વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઝાલોદ નગરમાં પ્રાથમિક સુવિધા જેમકે રસ્તા, પાણી, લાઈટ, ગટરના પાણીનો યોગ્ય નિકાલ જેવા મુદ્દાઓને લઈ સામાન્ય જનતા પીડાઈ રહી છે.આ દરેક સમસ્યા નગરના તમામ વિસ્તારોમાં જોવા મળી રહી છે. નગરને આ દરેક પાયાની સુવિધા આપવા માટે જવાબદાર તંત્ર જાગૃત થાય તે માટે આમ આદમી પાર્ટીએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી મૌખિક રજુઆત પણ કરી હતી. નગરની સમસ્યાઓમાં મૌલાના આઝાદ સ્કૂલ તરફ જવાનો રસ્તો જે બિસ્માર હાલતમાં છે, આખા નગરના લગભગ દરેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા, વણકતલાઈ રોડ પર વરસાદ પડતાં ત્યાં પાણી ભરાઈ જવાના બનાવો, પ્રભુતા પાર્ટી પાસેનો બિસ્માર હાલતનો રોડ તેમજ નગરના દરેક વિસ્તારોમાં આવેલ બિસ્માર રસ્તાઓ, તળાવ પાસે ઘાંચી સમાજના કબ્રસ્તાન પાસે રસ્તા પરની અસહ્ય દુર્ગંધ મારતી ગંદકી, કુમારશાળા જવા તરફનો રસ્તો આ બધી સમસ્યાનો તાત્કાલિક નિવેડો લાવી નગરજનોને સારી સુવિધા પાલિકા તંત્ર દ્વારા આપવામાં આવે તેવી માંગ આમ આદમી પાર્ટી ઝાલોદ વિધાનસભા વિસ્તારના પ્રમુખ અનિલ ગરાસીયા દ્વારા દ્વારા તેમના ટેકેદારોને સાથે લઈ કરવામાં આવી હતી.



# જસદણના આટકોટ પાસે ભાવનગરના વેપારી સાથે ઠગાઈ કરનારા ત્રણ ઝડપાયા

। હુસામુદીન કપાસી જસદણ, તા.૨૬ ।

જસદણના આટકોટ પાસે ૧૦ લાખની ૨ હજારની નોટો બદલી આપવાના બહાને ભાવનગરના વેપારી સાથે ૨ લાખની છેતરપીંડીકરનારરાજકોટનાબેસહીતઉશખ્સોને રૂરલ ક્રાઈમ બ્રાંચ તથા આટકોટ પોલીસે ઝડપી લીધી હતી.



મળતી વિગતો મુજબ આટકોટ પો. સ્ટે. માં ગત તા. ૨૧-૭ ના રોજ ભાવનગરના સોપારીના વેપારીને આરોપીઓએ મોબાઈલ પર કોન્ટેકટ કરી વિશ્વાસમાં લઈ રૂા. ૨૦૦૦ ની નોટોની કિ. રૂા. ૧૦,૦૦,૦૦૦ ની રકમ બદલી આપવાની જેના બદલામાં ફરીયાદીને અગાઉ બાના પેટે કિ. રૂા. ૨,૦૦,૦૦૦ આપવાના અને રકમ બદલાય તેમાંથી રૂા. ૨,૦૦,૦૦૦ તથા ૧૦ ટકા રકમ કાપીને આપવાની લાલચ આપી ફરીયાદીને આટકોટ જસદણ ચોકડીએ બોલાવી ફરીયાદી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦ મેળવી હમણા પૈસા બદલી આપી જાય તેમ કહી પૈસાની બેગ લઈ વિશ્વાસઘાત તથા ઠગાઈ કરી નાસી. ગયાની ફરીયાદ થતા સદર ગુન્હાના આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા સુચના કરવામાં આવતા રાજકોટ ગ્રામ્ય એલસીબીના પોલીસ ઈન્સ. વી. વી. ઓડેરાના માર્ગદર્શન હેઠળ એલ. સી. બી. પો. સ. ઈ. એચ. સી. ગોહીલ તથા ડી. જી. બડવા, તથા સ્ટાફના માણસો તથા આટકોટ પો. સ્ટે. પો. સ. ઈ. જે. એચ. સીસોદીયા તથા સ્ટાફના માણસો દ્વારા ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સીસથી માહીતી મેળવવાની કામગીરીમાં હતા તે દરમ્યાન ખાનગીરાહે મળેલ હકિકત આધારે બળધોઇ પાટીયા પાસે આરોપીઓની વોચમાં રહેતા આ ગુન્હાને અંજામ આપનાર જગદીશ ઉર્ફે રાજૂ હિરજીભાઈ પીપલીયા ઉ.૪૧ ધંધો, હિરાની દલાલી રહે. નિર્મલનગર, શેરી નં. ૧૦, ભાવુભાના ચોકની બાજુમાં ભાવનગર, શૈલેષ ઉર્ફે ગાંગો કેશુભાઈ સુતરીયા ઉ.વ.૩૭ ધંધો મજૂરી, ઈમીટેશન રહે. મોરબી રોડ, ક્રિષ્ના પાર્ક, શેરી નં. ૨ રાજકોટ તથા સંજય ધીરૂભાઈ ચૌહાણ ઉ.વ.૩૭ ધંધો, ડ્રાઈવીંગ મુળ રહે. મહિકા તા. વાંકાનેર જી. મોરબી હાલ રહે. નવાગામ સર્વેશ્વર સ્કુલની પાછળ શેરી નં. ૭ રાજકોટને રોકડ રૂા. ૨ લાખ, મોબઈલ નંગ ૪ તથા ગુન્હામાં વપરાયેલ કાર મળી કુલ ૩,૭૦ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા હતાં.

# આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૨ મી.મી. અત્યાર સુધી કુલ-૪,૮૭૧ મી.મી. વરસાદ નોંધાયો

। આણંદ, તા.૨૬ ।

આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તારાપુર તાલુકામાં ૧૮ મી.મી., સોજીત્રા તાલુકામાં ૨૫ મી.મી., પેટલાદ તાલુકામાં ૧૧ મી.મી., ખંભાત તાલુકામાં ૧૧ મી. મી., અને બોરસદ તાલુકામાં ૭ મી.મી. મળીને છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૭૨ મીલીમીટર વરસાદ નોંધાયો છે, જ્યારે ઉમરેઠ, આણંદ અને આંકલાવ તાલુકામાં વરસાદ શુન્ય છે. જે સવારે ૬-૦૦ કલાક સુધીનો વરસાદ દર્શાવે છે.

અત્યાર સુધીમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ આણંદ તાલુકામાં ૭૫૮ મી.મી. નોંધાયો છે જ્યારે સૌથી ઓછો વરસાદ ઉમરેઠ તાલુકામાં ૪૬૭ મી.મી. નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો તારાપુર તાલુકામાં ૫૭૬ મી.મી., સોજીત્રા તાલુકામાં ૭૦૧ મી.મી., પેટલાદ તાલુકામાં ૭૦૬ મી.મી., ખંભાત તાલુકામાં ૫૨૯ મી.મી., બોરસદ તાલુકામાં ૫૯૧ મી.મી. અને આંકલાવ તાલુકામાં ૫૪૩ મી.મી. મળી જિલ્લામાં કુલ ૪,૮૭૧ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ દ્વારા જણાવાયું છે.

# ઉમરેઠ તાલુકાના ઝાલાબોરડી દૂધમંડળીમાં રૂપિયા ૮.૬૦ લાખની ઉચાપત થતા ૧૦ સામે ભાલેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૨૬ ।

ઉમરેઠ તાલુક ના ઝાલાબોરડી ગમે રહેતા મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ચૌહાણ ગામની દૂધમંડળી માં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા ગત્ ૧૧મે ૨૦૧૯ ના રોજમેળમાં બોલતા રૂપિયા ૫.૩૫.૨૩૦,૩૫ જેવી રકમની હંગામી ઉચાપત કરેલ હતી જયારે દાણ,, કલાર્ક તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રકુમાર પરમારએ દાણ વેચાલની રકમ ફૂલ ૩,૨૯,૮૪૦ની માતબર રકમની ઉચાપત કરવામાં આવેલ,તેવું ઓડિટ દરમિયાન ખુલવામાં આવેલ જોકે દૂધમંડળી બંધ થઈ ગયેલ તેમજ ઉચાપત કરેલ હોયતેની જાન હોવા છતા યશવંતસિંહ ઉદેસિંહ પરમાર, શૈલેષભાઈ પરમાર, વિનોદભાઈ પરમાર, હિમાત્તભાઈ પરમાર નટવરસિંહ સોઢા પરમાર, કાંતાબેન ચૌહાણ, મણી લાલા ચૌહાણ સાહિતના તમામ ડિરેક્ટરો યે આ બાબત ની કોઈ કાર્યવાહી કરેલ ન હતી બાદ મંડળીના ચેરમેન નરેંદ્રસિંહ હરિભાઈ પરમારે ભાલેજ પોલીસ સ્ટેશન માં ફરિયાદ આપતા તમામ સામે ૧૦ જેટલા આરોપી ને ઝડપી પાડવાની કામગીરી હાથ ધારેલ છે.

# ગુજરાત રાજભવનથી બાઇસેગના માધ્યમથી 'પ્રાકૃતિક કૃષિ' વિષય પર પરિસંવાદને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। દીપક જગતાપ રાજપીપળા, તા. ૨૬ ।

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત રાજભવન ખાતેથી 'પ્રાકૃતિક કૃષિ' વિષય પર પરિસંવાદનું સંબોધન કર્યું હતું. ત્યારે નર્મદા જિલ્લામાં રાજપીપલા ખેડૂત તાલીમ કેન્દ્ર સહિત જિલ્લાના પ્રત્યેક ઈ-સેન્ટર, શૈક્ષણિક સંકુલો, સીઆરસી, બીઆરસી, એફટીસી સહિત સોશિયલ મીડિયા પ્લેટ થકી આશરે ૧૬૦૦૦ થી વધુ લોકો-ખેડૂત મિત્રોએ રાજ્ય પાલશ્રીના બાઈસેકના માધ્યમથી જીવંત પ્રસારણને નિહાળીને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતમિત્રોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, કૃત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગથી ધરતી માતા ખુબ ઝેરી બની છે. સ્વપ્રદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે દેશનો પ્રત્યેક ખેડૂત સમૃદ્ધ અને ખુશહાલ બને તે માટે પ્રાકૃતિક કૃષિની તાતી જરૂરિયાત છે. આજે પ્રકૃતિના રક્ષણ માટે, જળ-જમીન, પર્યાવરણ સહિત લોકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાનો વૈકલ્પિક માર્ગ પ્રાકૃતિક કૃષિ છે.



રાજ્યપાલે ઉમેર્યુ કે, પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને સમાજને એક સાચી દિશા આપવા માટે શિક્ષકો-ખેડૂતોની ભૂમિકા અતિમહત્વપૂર્ણ છે. ગાય આધારિત ખેતી જમીનને ફળદ્રુપ બનાવે છે, ઉત્પાદનમાં તો વધારો થશે જ સાથોસાથ લાગત પણ નહીવત છે. પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોનો ખર્ચ ઘટે, ઉત્પાદન વધે અને ઉપજનો ઉચિત ભાવ મળી રહે છે.

નર્મદા જિલ્લાના ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી કાર્યક્રમ નિહાળતા પ્રત્યેક ખેડૂતમિત્ર, ગ્રામજનો, શિક્ષકો, યુવાનોને જીવામૃત-ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિથી વાકેફ કરતા રાજ્યપાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવાની સંપૂર્ણ સંભાવનાઓ સાકાર કરતી પોતાની પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ' નો અભ્યાસ કરીને અન્યને પણ પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરે તેવો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.કે. શિનોરાએ પણ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવાન બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, ગામેગામ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિને અંગે તાલીમ આપીને પ્રાકૃતિક ખેતીના લાભ અંગે ખેડૂતમિત્રોને જાગૃત કરવા માટે ટીમ નર્મદા કામ કરી રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત ૨૮મી જુલાઈએ યોજાશે

**અરજદારો, રજૂઆતકર્તાઓ સવારે ૮-૩૦થી પોતાની રજૂઆતો મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે**

। આણંદ, તા.૨૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ શુક્રવાર તા. ૨૮ જુલાઈએ બપોરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપ સ્થિતિમાં જુલાઈ-૨૩નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૮મી જુલાઈએ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, શુક્રવારે ૨૮મી જુલાઈએ બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો શુક્રવાર, તા. ૨૮મી જુલાઈએ સવારે ૮-૩૦ વાગ્યાથી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

# નર્મદા જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૯મી ઓગષ્ટથી "મારી માટી, મારો દેશ" કાર્યક્રમનો પ્રારંભ થશે

। રાજપીપળા, તા.૨૬ ।

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશ સહિત નર્મદા જિલ્લામાં "મારી માટી- મારો દેશ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૦૯ ઓગષ્ટથી આરંભ થશે, જે "માટીને નમન, વીરોને વંદન'' થીમ પર રાજયભરમાં યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત માતૃભૂમિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેમજ વીર શહીદોની વંદના અને તેમના પરિવારોનું સન્માન કરવા જનશક્તિને પ્રેરિત કરાશે. આ માટે ગ્રામ કક્ષાથી લઈને કર્તવ્ય પથ નવી દિલ્હી સુધી કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી સમગ્ર રાજયમાં થાય તેવા ઉમદા આશયથી આજરોજ રાજયના મુખ્ય સચિવ રાજકુમારના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતેથી વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં નર્મદા જિલ્લા કલેકટર શ્વેતા તેવતિયા, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે, નાયબ વનસંરક્ષક નિરજકુમાર અને મિતેશભાઈ પટેલ, સુશ્રી પ્રતિભા દહિયા (IAS-પ્રોબેશનર), નાયબ માહિતી નિયામક અરવિંદ મછાર સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત નર્મદા જિલ્લામાં યોજાનાર "મારી માટી – મારો દેશ'' કાર્યક્રમનો આરંભ તા. ૦૯મી ઓગષ્ટ, ૨૦૨૩ના રોજથી ગ્રામ્ય સ્તરથી આરંભ કરવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે. અણધાર્યા સ્થળેથી તમને મહત્વનું આમંત્રણ મળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. સમજદારી પૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે ઘરથી નીકળતા પહેલા વડીલોનું આશીવાદ લો. આનાથી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસાનું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે. તમારા કામના સ્થળે આજે ઢગલાબંધ પ્રેમ પ્રવર્તતો જોઈ શકશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે, તે આજે કોઈ ખાસ વ્યક્તિ ને મળવા ની સંભાવના છે, પરંતુ આ બાબત ને આગળ વધતા પહેલાં, તે જાણવું જોઈએ કે વ્યક્તિ કોઈ ની સાથે સંબંધ માં ના હોય.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથમિકતા હોવી જોઈએ.

### ટામેટાના ભાવ વધારાથી સામાન્ય લોકો પરેશાન

# ટામેટામાંથી કમાઈને કરોડપતિ થયેલા ખેડૂતનું સન્માન કરાયું

## તેલંગાણાના મેડક જિલ્લાના મહિપાલ રેડ્ડીએ ૪૦ દિવસમાં લગભગ ૨ કરોડની કમાણી કરતા મુખ્યપ્રધાને સન્માન કર્યું

। હૈદ્રાબાદ, તા.૨૬ ।

દેશમાં ટામેટાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ઘણા શહેરોમાં તેની કિંમત ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. એક તરફ જ્યાં લોકો મોંઘવારીથી પરેશાન છે તો બીજી તરફ ટામેટાના વધેલા ભાવે તેલંગાણાના એક ખેડૂતને કરોડપતિ બનાવી દીધો છે. તેલંગાણાના મેડક જિલ્લાના મહિપાલ રેડ્ડીએ છેલ્લા ૪૦ દિવસમાં લગભગ ૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે.



મહિપાલ રેડ્ડીએ ૮ એકરમાં ટામેટાંની ખેતી કરી હતી. તેલંગાણાના મેદક જિલ્લાના રહેવાસી મહિપાલ રેડ્ડીએ કહ્યું હતું કે ગયા વર્ષે ભારે નુકસાન સહન કર્યા બાદ આ વર્ષે મોટાભાગના ખેડૂતોએ ટામેટાં નથી ઉગાડ્યા. પણ તેણે હિંમત કરી અને એપ્રિલના અંતમાં પાકની વાવણી કરી હતી. તેઓ ગરમીથી બચવા માટે શેડ નેટનો ઉપયોગ કરે છે અને જ્યારે મોસમી અછત હોય ત્યારે જૂનના મધ્યમાં લણણી શરૂ કરે છે. મહિપાલનું તેલંગાણાના મુખ્યમંત્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મહિપાલ અને તેમની પત્ની તેલંગાણાના મુખ્યમંત્રી દ્વારા સન્માનિત થતા રોમાંચિત થયા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે મોડેલ ખેડૂતે રાજ્યને ગૌરવ અપાવ્યું છે અને તે અન્ય લોકો માટે પ્રેરણા છે.

### અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે

# અયોધ્યાને ગ્લોબલ સિટી બનાવવા માટે હજારો કરોડનો પ્રોજેક્ટ પર કામ ચાલુ

। અયોધ્યા, તા.૨૬ ।

એક તરફ અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને બીજી તરફ શહેરને ગ્લોબલ સિટી બનાવવા માટે હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. અયોધ્યાના વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરતા પહેલા જેરુસલેમ અને વેટિકન સિટી જેવા તીર્થધામોની સુવિધાઓ અને વ્યવસ્થાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ માહિતી અયોધ્યા વિકાસ પ્રાધિકરણના ઉપાધ્યક્ષ વિશાલ સિંહે તાજેતરમાં વારાણસીમાં આયોજિત મંદિર સંમેલનમાં આપી હતી.કોન્ફરન્સથી પરત ફરેલા વિશાલ સિંહે જણાવ્યું કે અયોધ્યા વિઝન-૨૦૪૭ સાથે અમે ભગવાન રામના શહેરને વિશ્વ સ્તરીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું લક્ષ્ય લઈને ચાલી રહ્યા છીએ. કોન્ફરન્સમાં અમે નવા અયોધ્યાની તસવીર રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ક્રમમાં જેરુસલેમ અને વેટિકન સિટી ઉપરાંત દેશના રાષ્ટ્રીય તીર્થસ્થળો જેમ કે અંકોરવાટ, પશુપતિનાથ, નાસિકમાં સ્થિત સાંઈ મંદિર, તિરુમાલા તિરુપતિ અને સિદ્ધિ વિનાયકનું પણ નજીકથી ઓડિટ અને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### કોણ ખોટુ અંજુ કે પાકિસ્તાનની પોલીસ ?

# ભારતીય મહિલાએ ઈસ્લામ અપનાવવા અને નિકાહ પર કર્યો મોટો ધડાકો

## અંજુએ નસરુલ્લા સાથે નિકાહ કરી લીધા છે, તો અંજુએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે, બંનેના નિકાહ થયા નથી

। ઈસ્લામાબાદ, તા.૨૬ ।

પાકિસ્તાનમાં પોતાના ફેસબુકવાળા પ્રેમ નસરુલ્લાહને મળવા માટે ગયેલી ભારતની અંજુએ કથિત રીતે ઈસ્લામ અપનાવી લીધો છે અને નિકાહ કરી લીધા છે.

પોલીસે આ મુદ્દે સંકળાયેલી એક એફિડેવિટ પણ જારી કરી છે. તો અંજુનું કહેવું છે કે, તેણે આવું કંઈ કર્યુ નથી. અંજુએ નસરુલ્લાહ સાથે બેસીને એક વીડિયો બનાવ્યો છે. જેમાં તે કહી રહી છે કે, તે પાકિસ્તાન આવી



છે એ વાતનો મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે. બંનેના નિવેદનો પણ એકબીજાથી વિરુદ્ધ છે. એનાથી એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ એક ખોટુ બોલી રહ્યું છે. પાકિસ્તાન પહોંચેલી અંજુ વારંવાર ખોટુ બોલી રહી હોય એવી પણ શક્યતા છે. કે પછી પાકિસ્તાનની પોલીસ જ ફેક દસ્તાવેજ બતાવી રહી છે.

રિપોર્ટ્સ મુજબ, પાકિસ્તાનમાં અંજુએ પોતાનો ધર્મ પરિવર્તન કરી લીધો છે અને ઈસ્લામ અપનાવી લીધો છે. અહીં તેનું નામ ફાતિમા રાખવામાં આવ્યું છે. પોલીસે કહ્યું કે, અંજુ મંગળવારના રોજ કાળો બુરખો પહેરીને જિલ્લાની કોર્ટમાં પહોંચી હતી. અહીં તેણે એફિડેવિટ આપતા નસરુલ્લાહ સાથે લગ્નની વાત કરી છે.




કોલકાતામાં તાજેતરમાં પશ્ચિમ બંગાળ પંચાયત મતદાન દરમિયાન થયેલા હિંસા અંગે ભાજપ મહિલા મોરચા સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યું.

### નાળિયેરને શ્રીફળ પણ કહેવામાં આવે છે

# મહિલાઓનું નાળિયેર ફોડવું માનવામાં આવે છે અશુભ ?

। નવી દિલ્હી, તા.૨૬ ।

સનાતન ધર્મમાં દરેક પૂજામાં નાળિયેરનો ઉપયોગ કરવામાં આવે છે. નાળિયેરને શ્રીફળ પણ કહેવામાં આવે છે. ધાર્મિક ગ્રંથો અનુસાર જયારે દેવ અને દાનવો વચ્ચે સમુદ્ર મંથન થયું હતું ત્યારે ભગવાન વિષ્ણુ પૃથ્વી પર પોતાની સાથે નારિયેળનું બીજ લઈને આવ્યા હતા. ત્યારથી શ્રીફળને ખુબ શુભ અને પવિત્ર ફળ માનવામાં આવે છે. સામાન્ય રીતે તમે જોયું હશે કે પૂજા-પાઠ દરમિયાન પુરુષો જ નાળિયેર ફોડે છે. કોઈ પણ મહિલાઓ શ્રીફળ ફોડતી નથી. આ પાછળ શું માન્યતા છે શા માટે સ્ત્રીનું નાળિયેર ફોડવું વર્જિત છે આઓ જાણીએ ભોપાલના નિવાસી જ્યોતિષી તેમજ વાસ્તુ સલાહકાર પંડિત હિતેન્દ્ર કુમાર શર્મા પાસે. તમે હંમેશા ધાર્મિક કાર્યક્રમો દરમિયાન પુરુષોને નાળિયેર તોડતા જોયા હશે. સનાતન ધર્મમાં મહિલાઓ દ્વારા નાળિયેર તોડવું અશુભ માનવામાં આવે છે. પંડિત હિતેન્દ્ર કુમાર શર્માના મતે નારિયેળ એક પવિત્ર ફળ છે જેને બીજ તરીકે જોવામાં આવે છે. સનાતન ધર્મમાં, બીજને ગર્ભ સાથે જોડાયેલું જોવામાં આવે છે. સ્ત્રીને કુદરત દ્વારા માતા બનવાનું આશીર્વાદ મળે છે. જેમ સ્ત્રી પોતાના બાળકને ખૂબ પ્રેમ કરે છે, તેને કોઈ નુકસાન પહોંચાડી શકતી નથી, તેવી જ રીતે સ્ત્રી બીજના રૂપમાં નાળિયેર તોડી શકતી નથી.

# જીમમાં સામાન્ય ભૂલના કારણે લાખો કમાતા બોડીબિલ્ડરે ગુમાવ્યો જીવ

। નવી દિલ્હી, તા.૨૬ ।

૧૫ જૂલાઈના રોજ ફિટનેસ પસંદ કરતા લોકોમાં જાણીતા ઈન્ફ્લૂએન્સર અને બોડી બિલ્ડર જસ્ટિન વિકીનું એક દુર્ઘટનામાં મોત થયું છે. માત્ર ૩૩ વર્ષીય જસ્ટિન ૨૧૦ કિલોના સ્ક્વાટ પ્રેસ કરી રહ્યો હતો તે દરમિયાન તેની ગરદન પર બારબેલ પડ્યું અને તેનું નિધન થયું. આ કેસ બાલીના સનૂરનો છે. એક્સરસાઈઝ દરમિયાન તેની પાછળ એક સ્પોટર ઉભો હતો, વિકી બારબેલ ઉઠાવી ના શક્યો અને તે તેના પર પડી ગયું. સ્પોર્ટર બોય્ઝ જીમમાં એક્સરસાઈઝ દરમિયાન મદદ અથવા સપોર્ટ કરે છે. ભારે વજન ઉઠાવવામાં સ્પોર્ટ્સના સપોર્ટ લેવામાં આવે છે. બાલીમાં આવેલા પેરેડાઈઝ જીમમાં શનિવારે વિકીએ ઈન્ટેન્સ એક્સરસાઈઝ માટે સ્પોર્ટર્સની મદદ લીધી હતી. આ એક્સરસાઈઝ દરમિયાન અન્ય જીમ મેમ્બર પણ તેની સાથે હતો જેથી કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવને અટકાવી શકાય છે. પરંતુ તેવું શક્ય બન્યું નહીં. જસ્ટીને સ્ક્વેટ પ્રેસ માટે રૂટિન શરૂ કર્યુ પરંતુ ૨૦૧ કિલોનું વજન તે ઉઠાવી શક્યો નહી અને તેના પગ ફસડાઈ પડ્યા. આ દરમિયાન ૨૧૦ની મશીનરી તેના ઉપર પડી અને તેને ગળામાં ફ્રેક્ચર થઈ ગયું. રિપોર્ટ અનુસાર, બારબેલ વિકીના ગળાના ભાગે એટલી તીવ્રતાથી પડી હતી કે તેનું માથુ રબરની માફક વળી ગયું.

# શખ્સે જીતી ૧૦૦ કરોડની લોટરી, ડ્રગ્સ અને પાર્ટીમાં ખર્ચ્યા પૈસા

## વર્ષ ૨૦૦૨માં માઈકલ ૧૯ વર્ષનો હતો ત્યારે તેને લોટરી લાગી હતી પરંતુ હવે તેઓ ગરીબ બની ગયા છે

। નવી દિલ્હી, તા.૨૬ ।


આ દુનિયામાં દરેક વ્યક્તિ કોઈપણ મહેનત કર્યા વિના સરળતાથી પૈસા કમાવવા માંગે છે. આજના સમયમાં પૈસા કમાવવા જરાય મુશ્કેલ નથી, પરંતુ એ મુશ્કેલ છે કે પૈસા કમાયા પછી તેને કેવી રીતે સાચવવું કારણ કે જેટલી ઝડપથી પૈસા વ્યક્તિની પાસે આવે છે, તેટલી ઝડપથી પૈસા વ્યક્તિ પાસેથી દૂર જાય છે. આવું જ કંઈક બ્રિટનના એક વ્યક્તિ સાથે થયું જ્યારે તેને લગભગ ૧૦૦ કરોડ રૂપિયાની લોટરી લાગી! તેણે પાણીની જેમ પૈસા વહાવ્યા અને હવે તે ગરીબ બની ગયો છે. તમને તેના જીવનમાંથી એ જ પાઠ મળશે કે પૈસા કેવી રીતે બચાવવા. રિપોર્ટ અનુસાર, તમારે નક્કી કરવાનું છે કે સ્કોટિશ શહેર એલ્ગિનના રહેવાસી ૪૦ વર્ષીય માઈકલ કેરોલને કમનસીબ કહેવા જોઈએ કે મૂર્ખ. વર્ષ ૨૦૦૨માં માઈકલ ૧૯ વર્ષનો હતો ત્યારે તેને લોટરી લાગી હતી. લોટો લોટ નેશનલ લોટરીના વિજેતા માઈકલને લગભગ ૧૦૦ કરોડ રૂપિયા મળ્યા છે. પરંતુ તેણે એવું ન વિચાર્યું કે પૈસાનું રોકાણ કરીને તેને વધુ વધારવું જોઈએ. ઉલટાનું માઈકલ તેનો ખર્ચ કરતો ગયો. તેણે નોર્ફોકમાં ૩ કરોડ રૂપિયાથી વધુમાં ૬ રૂમનું ઘર ખરીદ્યું અને પછી ૪.૨ કરોડ રૂપિયા અલગથી ખર્ચીને તે ઘર જાતે બનાવ્યું. તેણે આ ઘરનું નામ ધ ગ્રેન્જ રાખ્યું છે. એ ઘર નશા અને બદનામીનો અડ્ડો બની ગયું હતું. ધ સન વેબસાઈટ સાથે વાત કરતા માઈકલે કહ્યું કે તે અલગ-અલગ મહિલાઓને તેના ઘરે પાર્ટીઓમાં આમંત્રિત કરશે અને પછી તેમની સાથે રોમાન્સ કરશે. તે પોતે સ્વીકારે છે કે ૧-૨ હજાર પછી તેણે મહિલાઓની સંખ્યા પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું પરંતુ તેને ખાતરી છે કે તે સમયગાળામાં તેના ૪૦૦૦ થી વધુ સ્ત્રીઓ સાથે સંબંધો હતા. આટલું જ નહીં તેની પાર્ટીમાં ડ્રગ્સનો ઉપયોગ થતો હતો. તે કોકેઈનની પાર્ટીઓ ફેંકતો હતો અને એક વખત ૧૯૮૦ના દાયકાના લંડનના કુખ્યાત ગેંગસ્ટરે પણ હાજરી આપી હતી. તે દરરોજ સવારે ઉઠતો, ડ્રગ્સ લેતો, વોડકા પીતો અને પછી પાર્ટી શરૂ થઈ જતી. તે દરરોજ પાર્ટી કરવા નોરફોકથી લંડન જતો હતો. તેણે કહ્યું કે તેના ઘરની એવી ઘણી વાતો છે કે તે આ મામલે પ્લેબોય મેન્શનને પણ માત આપી શકે છે.


## વિશેષ લેખ

### વિશ્વભરમાં લગભગ ૩૨ કરોડ ૫૦ લાખ લોકો હેપેટાઇટિસના શિકાર બન્યા છે

# દર વર્ષે અસુરક્ષિત ઈન્જેકશનને લીધે હિપેટાઇટિસ બી વાયરસના 33 ટકા નવા કેસ સામે આવે છે

દર વર્ષે ૨૮ જુલાઈને વિશ્વ હિપેટાઈટિસ દિવસ ઉજવવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય આના વિશે જાગૃતિ ફેલાવવાનો છે. સૌથી પહેલા લીવરને અસર કરનારો આ રોગ ફેલાવાનું મોટું કારણ દેશમાં અસુરક્ષિત ઈન્જેકશન પ્રક્રિયા છે. ડબ્લ્યૂએચઓ અનુસાર આંતરરાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે અસુરક્ષિત ઈન્જેકશનને લીધે હિપેટાઈટિસ બી વાયરસના ૩૩% નવા કેસ સામે આવે છે. જ્યારે ૪૨ % કેસ હિપેટાઈટિસ સીના દાખલ થાય છે.









**શુ છે હેપેટાઈટિસ ?**

હિપેટાઈટિસ ને સરળ ભાષામાં કહીએ તો આ લીવરમાં થતો સોજો છે. જેનુ મુખ્ય કારણ વાયરસનુ સંક્રમણ છે. જે સામાન્ય રીતે દૂષિત ખોરાક ખાવાથી અથવા પાણી પીવાથી, સંક્રમિત વસ્તુઓનો ઉપયોગ કરવાથી ફેલાય છે. આ કારણોસર, હિપેટાઈટિસના ૫ વાયરસ એ, બી, સીડી અને ઈ છે. આમાં, ટાઈપ-બી અને સી જીવલેણ સ્વરૂપ લઈને લિવર સિરોસિસ અને કેન્સરને જન્મ આપે છે. જો પ્રારંભિક સારવાર પ્રાપ્ત કરવામાં નહીં આવે, તો સ્થિતિ ગંભીર બને છે અને લીવરને સંપૂર્ણપણે નુકસાન થઈ શકે છે.

**કેવી રીતે ફેલાય છે ?**

હેપેટાઈટિસ-બી કોઈ ખરાબ પાણી કે વિષ્ઠા દ્વારા નથી ફેલાતો, પરંતુ વધારે શારીરિક સંપર્ક, લોહી વડે, શરીરના જુદા જુદા સ્ત્રાવ જેવુ કે વીર્ય, યોનિ સ્ત્રાવ, મૂત્ર, માતાઓ દ્વારા સ્તનપાન વગેરે વડે ફેલાય છે. સાથે સાથે ભુલથી ઈંજેક્શન લગાવવાથી સોય વધારે પડતી ઘુસી જવાથી, એક જ હાઈપોડર્મિક નીડલ વડે વિસંક્રમિત રીતે કેટલાયે લોકોને ઈંજેક્શન લગાવતાં રહેવાથી, ટેટુ બનાવવાથી, નાક-કાન વિંધાવાથી, રેજર બ્લેડનો સામુહિક ઉપયોગ કરવાથી, બીજાના ટુથબ્રશન ઉપયોગ કરવાથી, અસુરક્ષિત રક્તદાન વેગેરે જેવા કારણોને લીધે ફેલાય છે.

**કેટલા પ્રકારની હોય છે લિવરની આ બીમારી ?**

**હીપેટાઇટિસ-એ:** આ વાયરસ શરીરમાં દૂષિત ખોરાક અને પાણી દ્વારા ફેલાય છે. આવા કિસ્સાઓમાં, લિવરમાં સોજો આવે છે, ભૂખ ઓછી લાગે છે, તાવ આવે છે, ઉલટી થાય છે અને સાંધાનો દુખાવો થાય છે.

**હેપેટાઇટિસ-બી**

આ વાયરસ ચેપગ્રસ્ત લોહી, સોય અથવા અસુરક્ષિત સેક્સ દ્વારા ફેલાય છે. લીવર પર અસર થવાને કારણે દર્દીને ઉલટી, થાક, પેટનો દુ:ખાવો, પીળી ત્વચા રંગ જેવી સમસ્યાઓ થાય છે. તે યકૃતનો સૌથી લાંબી બિમારી છે જે યકૃત સિરોસિસ અને કેન્સરનું સ્વરૂપ લે છે. જો સગર્ભા સ્ત્રીને ચેપ લાગે છે, તો બાળક પણ તેનાથી પીડિત થઈ શકે છે. આ વર્ષની થીમ તેને રોકવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

**હિપેટાઇટિસ-સી**

આ વાયરસ હેપેટાઈટિસ-એ અને બી કરતા વધુ જોખમી છે. તે શરીર પર ટૈટૂ લગાડવાથી, દૂષિત લોહી ચઢાવવાથી, ચેપગ્રસ્ત સોયનો ઉપયોગ કરવાથી અથવા બીજાની શેવિંગ કીટનો ઉપયોગ કરવાથી ફેલાય છે. તેના લક્ષણો ગંભીર સ્થિતિમાં થોડા સમય પછી જ દેખાય છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન WHOના આંકડાકીય માહિતી અનુસાર વિશ્વભરમાં લગભગ ૩૨ કરોડ ૫૦ લાખ લોકો હેપેટાઈટિસના શિકાર બન્યા છે અને તેની સાથી જ જીવન જીવવા માટે મજબૂર છે. હેપેટાઈટિસ એક એવું ઈન્ફેક્શન છે જે શરીરના લિવરને અસર કરે છે. લિવર વ્યક્તિના શરીરમાં રહેલું સૌથી મોટું અંગ છે. લિવર શરીરની અલગ-અલલ ક્રિયાઓમાં મદદ કરે છે જેમ કે, જમવાનું પચાવવામાં, એનર્જી જમા કરવામાં અને શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર નિકાળીને શરીરને ડીટૉક્સ કરવામાં મદદ કરે છે. હેપેટાઈટિસની સમસ્યા થવા પર લિવરમાં ઈન્ફેલેમેશન એટલે કે સોજો આવવો અને બળતરા થવાની સમસ્યા વધી જાય છે, જેના કારણે લિવર ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થવા લાગે છે અને ત્યાં સુધી કે લિવર કેન્સરનું પણ જોખમ બની શકે છે.

આ દિવસનો હેતુ છે કે હેપેટાઈટિસની બીમારી વિશે લોકોમાં જાગરૂકતા ફેલાવવી. જાણો,

**હેપેટાઇટિસ વિશેની કેટલીક માહિતી...**

૧. હેપેટાઈટિસ બીમારીના સામાન્ય રીતે ૫ પ્રકાર છે જે વ્યક્તિને સૌથી વધારે અસર કરે છે. હેપેટાઈટિસ એ, બી, સી, ડી અને ઈ. હેપેટાઈટિસ એ અને ઈ દૂષિત ભોજન અથવા પાણીના કારણે થાય છે, જેમાં આ વાયરસ હોય છે. ત્યારે હેપેટાઈટિસ બી, સી અને ડી સંક્રમિત વ્યક્તિના શરીરના તરલ પદાર્થો એટલે કે બોડી ફ્લૂઈડ્સના સીધા સંપર્કમાં આવવાથી થાય છે જેમ કે, લોહી, લાળ વગેરે. અત્યાર સુધીમાં વૈજ્ઞાનિકોએ માત્ર હેપેટાઈટિસ એ અને બીની રસી તૈયાર કરી છે. હેપેટાઈટિસના પાંચ પ્રકારમાંથી હેપેટાઈટિસ સી સૌથી વધારે જોખમી અને જીવલેણ માનવામાં આવે છે.

હેપેટાઈટિસ બીમારીના બે પ્રકાર એવા પણ છે જે સંક્રામક નથી એટલે કે તે એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાતો નથી.

**અલ્કોહોલિક હેપેટાઇટિસ** : આ પ્રકારનું હેપેટાઈટિસ તે લોકોમાં જોવા મળે છે જે કેટલાય વર્ષો સુધી સતત ખૂબ જ વધારે પ્રમાણમાં દારૂ અથવા આલ્કોહોલનું સેવન કરે છે. આ લોકોમાં બીમારીના કોઈ લક્ષણ જોવા મળતા નથી અને તેમનામાં અચાનકથી જ જોન્ડિસ અને લિવર ખરાબ થવાની સ્થિતિ જોવા મળે છે. તે લોકોમાં લિવર કેન્સર થવાનું ઓઅણ જોખમ વધારે હોય છે.

ઑટોઈમ્યૂન હેપેટાઈટિસ : આ પ્રકારના હેપેટાઈટિસમાં શરીરની ઈમ્યૂન કોશિકાઓ લિવર પર હુમલો કરવાનું શરૂ કરે છે કે જેનાથી તે ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ જાય છે અને કામ કરવાનું બંધ કરી દે છે.

## ન્યૂઝ બ્રિફ

### ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં ફોરેન્સિક અને ટેક્નિકલ તપાસ પૂર્ણ

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદમાં ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસની તપાસ હવે પૂર્ણતાના આરે પહોંચી છે. ટૂંક સમયમાં તપાસ અધિકારી કેસની ચાર્જશીટ ફાઈલ કરશે. અત્યાર સુધીની પોલીસ તપાસમાં ફોરેન્સિક અને ટેક્નિકલ તપાસ પૂર્ણ કરવામાં આવી છે.ત્યારે પોલીસની ચાર્જશીટમાં તથ્યકાંડને લઈને ચોંકાવનારા ખુલાસા સામે આવી શકે તેમ છે. મહત્વપૂર્ણ છે કે ઈસ્કોન બ્રિજ અકસ્માત કેમાં કુલ ૯ લોકોના મોત નિપજ્યા હતા. આ દરમ્યાન, અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ અકસ્માતના આરોપી તથ્ય પટેલના વધુ એક કાંડનો પર્દાફાશ થયો છે. જેમાં અમદાવાદ બાદ હવે ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકે પણ તથ્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. જેમાં ગત ૩૧ ડિસેમ્બરની રાત્રે તથ્યએ વાંસજડાથી સાણંદ જતાં મુખ્ય માર્ગ પર આવેલા મંદિરના પિલર સાથે જેગુઆર કાર અથડાવી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે મંદિરનો એક ભાગ નમી ગયો હતો અને બળીયાદેવના મંદિરને નુકસાન પહોંચ્યું હતું.

### સ્માર્ટ સિટીના દાવા વચ્ચે AMCનો મોટો છબરડો

। અમદાવાદ, તા.૨૬ ।

સ્માર્ટ સિટીના દાવા વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સૌથી મોટો છબરડો સામે આવ્યો છે. AMC વેબસાઈટને નવો લૂક આપવાના ચક્કરમાં ખોટી માહિતી મૂકી છે.વેબસાઈટને નવો લૂક આપવાના ચક્કરમાં ઉચ્ચ અધિકારીઓના નામ નંબરની યાદીમાં તંત્રએ મોટો ભાંગરો વાંટ્યો છે. AMCએ કરેલા છબરડાની વાત કરીએ તો વર્તમાન કમિશનરના સ્થાને પૂર્વ કમિશનરનું નામ બતાવ્યું છે. એમ થેન્નારસનના સ્થાને લોચન શહેરાનું નામ દર્શાવ્યું છે. બદલી થયેલા નવા IAS અધિકારીઓના બદલે જૂના અધિકારીઓના નામ હજું પણ લોકોને દેખાઈ રહ્યા છે. કેટલાક ડેપ્યૂટી કમિશનરો બદલાઈ ચૂક્યા છે, તેમ છતાં નવી વેબસાઈટ પર તેમના નામ હજું પણ યથાવત છે. સોલીડ વેસ્ટ વિભાગના નિધન પામેલા ડેપ્યૂટી ડાયરેક્ટરનું નામ પણ વેબસાઈટમાં યથાવત છે. જેના કારણે સમગ્ર વિવાદ સામે આવ્યો છે.

### પાલનપુરના ખસા ગામે ખાલી કુંડીમાં બાળકીને તરછોડી

। બનાસકાંઠા, તા.૨૬ ।

પાલનપુર પંથકમાં માતાની મમતા લજવતો કિસ્સો સામે આવ્યો છે. પાલનપુરના ખસા ગામે ૬-૭ દિવસની નવજાત બાળકીને ત્યજી દેવાઈ હોવાની ઘટના સામે આવતા પંથકમા હડકમ્પ મચ્યો છે. જો કે ખેતરના હવાડામાં ત્યજી દેવાયેલી બાળકી ઉપર પશુપાલકની નજર પડતાં તેને સહી સલામત રીતે પાલનપુર સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે ખસેડી પોલીસે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે ઘટનાને લઈને નિર્દયી માતા અને તેના પરિવારજનો ઉપર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે. સમાજમા દીકરીનું મહત્વ વધે તે હેતુસર સરકાર દ્વારા દીકરીઓને પ્રાધાન્ય આપવા અલગ અલગ પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. જો કે સરકારના અથાગ પ્રયાસો બાદ પણ બનાસકાંઠાના પાલનપુર તાલુકાનાખસા ગામે મા -દીકરીના સબંધને લજવતો અને મા ની મમતાને લાજવતો કિસ્સો સામે આવ્યો છે. ગઈ કાલે મોડી રાત્રે પાલનપુરના ખસા ગામથી ગઢ ગામને જોડતા રોડ પર આવેલા એક ખેતરમા બનાવેલા પાણીના હવાડામા કોઈ એક ૬-૭ દિવસની નવજાત બાળકીને તરછોડી ગયું. જો કે વહેલી સવારે પશુ દોહવા ખેતર માલિક જ્યારે પોતાના ખેતરમાં પહોંચો ત્યારે એક બાળકી રડતી હોય તેવો અવાજ સંભળાતા ખેતર માલિક હવાડા નજીક પહોંચ્યો અને હવાડામાં જોયું તો એક નવજાત બાળકી તરછોડેલી હાલતમાં પડી હતી .



અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટના ૧૫ વર્ષ પુરા થયા. જેમાં મૃત્યુ પામેલ લોકોને સિવિલ હોસ્પિટલના ઓલ્ડ ટ્રોમાં વોર્ડ પાસે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

#### ઈન્ડિગો પાઈલટના લાઇસન્સ સસ્પેન્ડ

## અમદાવાદ એરપોર્ટ પર વિમાનનો પાછળનો ભાગ લેન્ડિંગ સમયે અથડાયો

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન વિમાનનો પાછળનો ભાગ અથડાયો હતો. આ ઘટના બાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન એ ઈન્ડિગોના કેપ્ટનનું લાઈસન્સ ત્રણ મહિના માટે અને કો-પાઈલટનું લાઈસન્સ એક મહિના માટે સસ્પેન્ડ કર્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ આઈએએનએસને આ માહિતી આપી હતી.

૧૫ જૂને થયેલા પ્લેન ક્રેશને લઈને આ કાર્યવાહી કરવામાં આવી છે. ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ૬૫૯૫ બેંગ્લોરથી અમદાવાદ જઈ રહી હતી. એરપોર્ટ પર લેન્ડિંગ સમયે એરક્રાફ્ટનો પાછળનો ભાગ ટકરાયો હતો. ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમદાવાદ એરપોર્ટ પર જરૂરી આકારણી અને સમારકામ માટે વિમાનને રોકવામાં આવ્યું હતું. આ ઘટનાની સંબંધિત અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જે બાદ હવે DGCAએ આ કાર્યવાહી કરી છે.ગત ૧૫ જૂન ગુરૂવારના રોજ અમદાવાદ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી હતી. અહીં બેંગ્લોરથી અમદાવાદ આવી રહેલા ઈન્ડિગો ફ્લાઈટનો પાછળનો ભાગ જમીન સાથે અથડાઈ ગયો હતો. જોકે વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. જે બાદ ઈન્ડિગોએ આ મામલે તપાસના આદેશ આપ્યા હતા. જે બાદ આજે DGCAએ આ કાર્યવાહી કરી છે.

#### જમીનનાં ખોટા દસ્તાવેજ ઉભા કરવાનો મામલો

## મુખ્યમંત્રી દ્વારા વડોદરા જીલ્લા કલેક્ટરને તપાસનાં આદેશ અપાયા

### સાવલીનાં ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા રેવન્યું અધિકારીઓની મિલીભગતથી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે

। વડોદરા, તા.૨૬ ।

વડોદરાનાં સાવલીમાં વિધવા બહેનનાં દસ્તાવેજો સાથે ચેડા કરવા મામલે વિધવા બહેનો દ્વારા આ મામલે ધારાસભ્ય કેતન ઈનામદારને રજૂઆત કરી હતી. ત્યારે ધારાસભ્ય દ્વારા આ સમગ્ર મામલે મુખ્યમંત્રીની રજૂઆત કરતા મુખ્યમંત્રી દ્વારા સમગ્ર મામલે તપાસનાં આદેશ આપ્યા છે. દસ્તાવેજો સાથે ચેડા કરી જમીન પચાવી પાડવાનું કૌભાંડ સામે આવ્યું હતું. જે મામલે વિધવા બહેનો દ્વારા આ મામલે ધારાસભ્ય કેતન ઈનામદારને રજૂઆત કરી હતી. ત્યારે ધારાસભ્ય કેતન ઈનામદારે આ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરતા મુખ્યમંત્રી દ્વારા આ બાબતે વડોદરા જીલ્લા કલેક્ટરને તપાસનાં આદેશ આપ્યા છે. સાવલીનાં ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા રેવન્યું અધિકારીઓની મિલીભગતથી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. સમગ્ર જમીન કૌભાંડ મામલે ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા જણાવ્યું હતું કે, મારા મત વિસ્તાર સામંતપુરા (ગોઠડા) ગામમાં આઠ-આઠ વિધવા બહેનની જમીનની અંદર ખોટું પેઢી નામું, ખોટા મરણનાં દાખલા અને ખોટા બનાવટી દસ્તાવેજો બનાવી ભોગૌલિક ખેડૂત ખાતેદાર બનાવવાનો જે કારસો રચ્યો છે તે કિસ્સો ખૂબ જ શરમજનક છે. ત્યારે આ સમગ્ર કૌભાંડમાં મહેસુલ વિભાગનાં જ અધિકારીઓ સંડોવાયેલા છે. એમનું જ આ માસ્ટર માઈન્ડ છે.

તેમજ ગઈકાલે જ મે સમગ્ર વિગત મુખ્યમંત્રીને આપી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કલેક્ટરને આ બાબતે સૂચનાં આપીને તેની તપાસ કરી તપાસમાં જે પણ તથ્ય છે. એ નિષ્પક્ષ રીતે બહાર કાઢી અને ગમે તેવો ચરમબંધી અધિકારી હોય કે કોઈ પણ વ્યક્તિ હોય એને નહી છોડી કડકમાં કડક સજા કરવા માટે સૂચના આપી છે.

#### ફરી એકવાર ગોજારી ઘટના સામે આવી

## કતારગામમાં બ્લુ સિટીબસે એક યુવાનનો જીવ લીધો

### યુવાન બસમાંથી ઉતરવા જઈ રહ્યો હતો ત્યારે જ બસ ચાલુ થઈ જતા યુવાન નીચે પટકાયો હતો

। સુરત, તા.૨૬ ।

સુરત શહેરમાં ફરી એકવાર ગોજારી ઘટના સામે આવી છે. સુરત બ્લુ સિટી બસ ફરી એકવાર કાળમુખી બની છે. શહેરના કતારગામ વિસ્તારમાં બસે એક યુવાનનો જીવ લીધો છે. યુવાન બસમાંથી ઉતરવા જઈ રહ્યો હતો ત્યારે જ બસ ચાલુ થઈ જતા યુવાન નીચે પ ટકાયો હતો. જે બાદ બસના પૈડાં યુવાનના માથા પ રથી ફરી વળ્યા હતા. જેથી યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે. તો બીજી તરફ પોલીસે અમદાવાદની ઘટનામાંથી બોધપાઠ લઈ લોકોને ઘટના સ્થળેથી તાત્કાલિક ખસેડ્યા હતા. બીજો અકસ્માત ન થાય તે માટે પોલીસ દ્વારા બેરીકેટ લગાવી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત પોલીસે સીટી બસ ચાલકની અટકાયત કરી લીધી છે. જો કે, વારંવાર સીટી બસના કારણે લોકોનવે જીવ ગુમાવવા પડે છે તેને લઈને લોકોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે, આ પહેલા પણ સીટી બસના કારણે અનેક લોકોએ સુરતમાં પોતાના જીવ ગુમાવ્યા છે.

#### સુરતના પુણા વિસ્તારમાં ખેલાયો ખૂની ખેલ

## સુરતમાં પૈસા બાબતે માથાકૂટ થતા યુવકને તીક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાઇ

### હાલમાં બુટલેગર દુર્ગેશ સહિત પાંચેય આરોપીની ધરપકડ કરી પુણા પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે

। સુરત, તા.૨૬ ।

સુરત શહેરના પુણા વિસ્તારમાં કુખ્યાત બુટલેગર અને તેના માણસો દ્વારા એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી હત્યા કરી નાખી હતી. જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી. જોકે હત્યાની ઘટના બનતા જ પુણા પોલીસે એક જુવેનાઈલ સહિત પાંચ આરોપીને પકડી પાડી ધરપકડ કરી હતી.

સુરતના પુણા વિસ્તારમાં કુખ્યાત બુટલેગર દુર્ગેશની દાદાગીરી ચરમસીમા પર છે અને લોકો સાથે સાથે મારામારી અને દાદાગીરી કરતા અનેક કેસો નોંધાઈ ચુક્યા છે. જોકે દુર્ગેશ પુણા વિસ્તારમાં દારૂનો અડ્ડો ચલાવે છે અને ત્યાં વિજય રબારી નામનો વ્યક્તિ તેના માણસ પાસે પૈસા માંગવા આવ્યો હતો. બે દિવસ સુધી પૈસા બાબતે માથાકૂટ થઈ હતી અને ત્યારબાદ બંને વચ્ચે ઝઘડો થતા બાબલ થઈ અને જેમાં દુર્ગેશ અને તેના સાગરીતો દ્વારા વિજયનો પીછો કરવામાં આવ્યો હતો અને પુણા સ્થિત ક્રિષ્ના સર્કલ પાસે રોકીને વિજય પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો, જેમાં વિજય જે લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડતા વિજયનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.ઘટના બનતા જ પુણા પોલીસ બનાવ સ્થળે પોહચી હતી સમગ્ર મામલે હત્યાનો ગુનો નોંધી તાત્કાલિક પાંચ જેટલા આરોપીને પકડી પાડ્યા હતા. જેમાં એક આરોપી જુવેનાઈલ હોવાનું સામે આવ્યું છે. હાલમાં બુટલેગર દુર્ગેશ સહિત પાંચેય આરોપીની ધરપકડ કરી પુણા પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

#### અમદાવાદ પોલીસનો એક્શન મોડ

## શહેરના ૧૦૦થી વધુ નાકા પર રાત્રે ૧૦થી ૨ની સ્પેશિયલ ડ્રાઈવ

### અમદાવાદ શહેરના ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માતની ગોઝારી ઘટના બની હતી, જેની વધુ તપાસ ચાલી રહી છે

। અમદાવાદ, તા.૨૬ ।

શહેરના ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માતની ગોઝારી ઘટના બની હતી. જેની વધુ તપાસ ચાલી રહી છે. ત્યારે શહેરમાં અકસ્માતોને રોકવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. પોલીસ એક્શન મોડમાં જોવા મળી રહી છે. રાજ્યના પોલીસ વડાએ સમગ્ર રાજ્યમાં એક મહિના માટે વાહન ચેકીંગના આદેશ આપ્યા છે. આદેશ બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે રાત્રિના ૧૦થી ૨ વાગ્યા સુધીની એક વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. જેમાં સમગ્ર અમદાવાદ માં અલગ અલગ ૧૦૦થી વધુ નાકા પોઈન્ટ બનાવવામાં આવ્યા હતા. ઉચ્ચ પોલીસ અધિકારી ની હાજરીમાં આ તમામ પોઈન્ટ પર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે સ્પીડ ગન, બ્રેથ એનેલાઈઝરનો પણ ઉપયોગ કર્યો હતો. તમામ જગ્યા એ પોલીસ એ બેરિકેટ લગાવીને ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં શંકાસ્પદ વાહન ચાલકોની તપાસ ઉપરાંત તેમના વાહનના દસ્તાવેજ અને લાયસન્સ સહિતની ચકાસણી કરવામાં આવી હતી. જો કોઈ વાહન ચાલક શંકાસ્પદ જણાઈ આવે તો તેની સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે. વાહન ચેકીંગ દરમિયાન કેટલાક વાહન ચાલકો નશીલાં દ્રવ્યોનું સેવન કરીને વાહન ચલાવતા તો કેટલાક કાર ચાલકો બ્લેક ફિલ્મ લગાવેલ કાચ વાળી કાર સાથે પણ મળી આવ્યા હતા. પોલીસ એ આવા વાહનો જપ્ત કરવા અને દંડ કરવા સહિત ની કામગીરી કરી છે. જો કે અગાઉ પણ શહેરમાં અનેક વખત આ પ્રકારની ડ્રાઈવ કરવામાં આવી છે. જેમાં પોલીસે આપેલી જાન્યુઆરીથી અત્યાર સુધીના વાહન ચેકીંગની આંકડાકીય માહિતી પર નજર કરીએ તો આ પ્રમાણે છે, ઝોન ૧માં ૨૮૩૧૭, ઝોન ૨માં ૨૬૪૫૩, ઝોન ૩માં ૧૨૨૪૭, ઝોન ૪માં ૨૪૯૮, ઝોન ૫માં ૨૩૬૦૧, ઝોન ૬માં ૩૨૧૨૧ અને ઝોન ૭માં ૭૨૪૪૯ વાહનો નું ચેકીંગ કરવામાં આવ્યું છે. શહેરમાં બેફામ વાહનનો હંકારવાની સાથે ટ્રાફિક સિગ્નલ પર થયા નિયમોના ભંગના કારણે ઘણાં વાહનચાલકોએ પરેશાન થવું પડતું હોય છે. ત્યારે વારંવાર નાગરિકો દ્વારા આ મુદ્દે સવાલ ઉઠાવવામાં આવતા હોય છે.

#### અમિતાભ બચ્ચનને ફરી મેદાનમાં ઉતારવા સરકારે મન બનાવ્યું

## શહેનશાહ અમિતાભ બચ્ચન પ્રવાસીઓને આકર્ષવા ફરી શરૂ કરશે અભિયાન

### ખુશ્બુ ગુજરાત કી નામની જાહેરાત હેઠળ અમિતાભ બચ્ચન ગુજરાતના પ્રવાસન સ્થળોને વેગ આપવા કામ કરી ચૂક્યા છે

। ગાંધીનગર, તા.૨૬ ।

કુછ દિન તો ગુજારિયે ગુજરાત મેં’ આ શબ્દો સાંભળતા જ આપણા ચહેરા સમક્ષ બોલિવૂડ શહેનશાહ અમિતાભ બચ્ચનનો ચહેરો સામે આવી જાય છે. ‘ખુશ્બુ ગુજરાત કી’ નામની જાહેરાત હેઠળ અમિતાભ બચ્ચન ગુજરાતના પ્રવાસન સ્થળોને વેગ આપવા કામ કરી ચૂક્યા છે. હવે ફરી એકવાર બોલીવુડ શહેનશાહ અમિતાભ બચ્ચન ફરી ગુજરાતના પ્રવાસન સ્થળોની જાહેરાત કરશે.

ગુજરાત પ્રવાસન સ્થળો માટે અમિતાભ બચ્ચન નવું અભિયાન શરૂ કરશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના રાજ્યના ૧૨ જેટલા નવા સ્થળોનો સમાવેશ કરાશે. અમિતાભ બચ્ચનને ફરી મેદાનમાં ઉતારવા સરકારે મન બનાવ્યું છે. દેશ-વિદેશના પ્રવાસીઓને ગુજરાત તરફ આકર્ષવા ફરી મેદાનમાં આવશે બીગ બી. તમને જણાવી દઈએ કે, આ અગાઉ પણ અમિતાભ બચ્ચન જાહેરાત કરી ચૂક્યા છે. ‘ખુશ્બુ ગુજરાત કી’ નામની જાહેરાત અમિતાભ બચ્ચન કરી ચૂક્યા છે. આ વખતે ગુજરાતના સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ધરોઈ ડેમ, નડા બેટ, ડાંગના જંગલો, શેત્રુંજય ડેમ, બુદ્ધિસ્ટ સર્કિટ અને વડનગર જેવા પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવશે. નોંધનિય છે કે, અમિતાભ બચ્ચનની જાહેરાતથી ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને ઘણો ફાયદો પણ થયો હતો. ગુજરાત સરકાર દ્વારા અમિતાભ બચ્ચનને લઈને શરુ કરવામાં આવેલ ‘ખુશ્બૂ ગુજરાત કી’ અભિયાનને સારી સફળતા મળી હતી. ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલા આ અભિયાનને કારણે ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યાનાં સારો એવો વધારો થયો હતો.

આ જાહેરાતના કારણે ગુજરાતમાં પ્રવાસોની સંખ્યામાં પણ ધરખમ વધારો નોંધાયો હતો. એક માહિતી અનુસારા આ અભિયાન બાદ ગુજરાતમાં દર વર્ષે આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ૨૦ ટકાનો વધારો નોંધાયો હતો. બોલિવૂડ સ્ટાર અમિતાભ બચ્ચનના તે અભિયાન દરમિયાન સાપુતારા, કચ્છનું રણ, સોમનાથ મંદિર,અંબાજી મંદિર અને ગીરના સિંહોના અભ્યારણ્યનો ઉલ્લેખ કર્યો હતો.

## રાજકોટના આજી ડેમમાં પડતુ મુકી યુવકે આત્મહત્યા કરી

। રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ શહેરમાં એક યુવકના સ્ટેટસને લઈને ચકચાર મચી છે. યુવકના સોશિયલ મીડિયા સ્ટેટસને લઈને પોલીસ દોડતી થઈ છે તો બીજી તરફ પરિવારમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. હકિકતમાં રાજકોટમાં એક યુવકે, ‘આજી ડેમમાં મરવા જાવ છું’ એવું સ્ટેટસ મુક્યું હતું અને હવે આ યુવક સ્ટેટસ મુક્યા બાદ ગુમ થઈ ગયો છે. તેમણે એમ પણ લખ્યું કે, "છેલ્લા રામ રામ, આજીડેમમાંથી મારી લાશ મળશે, પોલીસ સાહેબ કોઈને હેરાન ન કરતા’’. આમ યુવકે મોબાઈલમાં ૩ સ્ટેટસ મુકી ઘરેથી ગુમ થઈ ગયો છે.

સોરી મમ્મી મને માફ કરી દે જે હું દુનિયા છોડીને જાન છું મારા ગયા પછી ચિંતા નો કરતી તારું ધ્યાન રાખજે મમ્મી. મારી લાસ તમને આજી ડેમમાંથી મળી જશે હું પડવા જાઉ છું. મારા ગયા પછી મારી છોકરીનું ધ્યાન રાખજે મારી મમી ઓકે સોરી મને માફ કરી દે જે છેલા રામ રામ સોરી. ...આજ રોજ હું આત્મ હત્યા કરુ છું. મારા મરવા પાછળ કોઈ કારણ નથી ઓકે મારા ગયા પછી પોલિશ સાહેબ તમને વિનંતી હે કે કોઈને હેરાન નો કરતા ઓકે મારી લાશ તમને આજી ડેમમાંથી મળી જશે, મારા મોત કારણ હું ખુદ છું કોઈને હેરાન નો કરતા ઓકે. હું દુનિયા છોડીને જાવ છું સોરી સોરી મારા બધાય ફ્રેન્ડને મારા છેલા રામ રામ રામ રામ. જય શ્રી રામ હર હર મહાદેવ જય માતાજી.

મારા ઘરના ફેમીલી મને માફ કરી દે જો હું દુનિયા છોડીને જાવ છું મારા ગયા પછી મારી છોકરીને મારા મમ્મીનું ધ્યાન રાખજો હું જિંદગી થાકી ગયો છું મને માફ કરી દેજો મારી લાસ આજી ડેમમાંથી મળી જશે. હું પડવા જાવ છું. સોરી સોરી સરવૈયા પરિવારનું ફેમિલી સોરી મને માફ કરી દેજો, સંજય ભાઈ સરવૈયા મોટી ભાઈ ઈભાવનાબેન મોટી બેન શૈલેશ ભાઈ સરવૈયા મોટા બાપા સોનલબેન મોટી બેન તુષારભાઈ, સરવૈયા મોટી માં ઈસંગીતા મારી વાઈફ સોનલ, સરવૈયા. મોટા ભાભી ઈજીયા સરવૈયા છોકરી પરભા બેન મારા મમી ઈઈસિકા સરવૈયા છોકરી મને માફ કરજો સોરી છેલા રામ રામ જયશ્રી રામ હર હર મહાદેવ જય માતાજી. સોરી સોરી ‘આજી ડેમમાં મરવા જાવ છું’ તેવું સ્ટેટ્સ મૂકી યુવાન ગુમ થઈ જતા શોધખોળ હાથ ધરાઈ છે. પોલીસ -ફાયર બ્રિગેડ દ્વારા સર્ચ કરવામાં આવી રહ્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨